


નવસર્જન સંસ્કૃતિ

RNI No. GUJGUJ/2016/70752
NAVSARJAN SANSKRUTI

# નવસર્જન સંસ્કૃતિ

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 10
Issue : 039
Dt.: 13-12-2025,
Saturday
Page:04
Rs.00.50 paisa

EDITOR : RAGINI JIGNESHKUMAR VAGHELA Regd. Office : B/13, Sneh Plaza Shopping Centre, I.O.C. Road, Chandkheda, Ahmedabad-382 424, Gujarat, India.

Phone : 76983 33307 (M) 84859 51747, 70963 33307 ● Email : navsarjansanskruti2016@gmail.com ● Email : navsarjansanskruti2016@yahoo.com ● Website : www.navsarjansanskruti.com


### ૨૦૨૭ની વસતી ગણતરી પ્રથમ ડિજિટલ વસતી ગણતરી હશે

# ૨૦૨૭થી દેશભરમાં વસતી ગણતરી, કેન્દ્ર સરકારે રૂ.૧૧,૭૧૮ કરોડનું બજેટ મંજૂર કર્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં કેન્દ્રીય મંત્રીમંડળે શુક્રવારે (૧૨ ડિસેમ્બર, ૨૦૨૫) ત્રણ મોટા નિર્ણયો લીધા. જે અંગે કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, ૨૦૨૭ની વસતી ગણતરી અંગે નિર્ણય લેવામાં આવ્યો હતો. જેના માટે રૂ.૧૧,૭૧૮ કરોડનું બજેટ મંજૂર કરાયું. બીજો નિર્ણય કોલસા અથવા ઉર્જા ક્ષેત્રમાં એક મોટો સુધારો કરવામાં આવ્યો છે. ત્રીજો ખેડૂતોને લગતો નિર્ણય લેવામાં આવ્યો છે.

કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું, ૨૦૨૭ની વસતી ગણતરી પ્રથમ ડિજિટલ વસતી ગણતરી હશે. વસતી ગણતરીની ડિજિટલ ડિઝાઈન ડેટા સુરક્ષાને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવી છે. તે બે તબક્કામાં હાથ ધરવામાં આવશે. પ્રથમ તબક્કો ૧ એપ્રિલથી સપ્ટેમ્બર ૨૦૨૬ દરમિયાન હાઉસ લિસ્ટિંગ અને હાઉસિંગ સેન્સસ. બીજો તબક્કો ફેબ્રુઆરી ૨૦૨૭માં વસતી ગણતરી હશે. ૩૦ લાખ કર્મચારીઓને કામે લગાડાશે.

પ્રથમ વખત ડિજિટલ વસતી ગણતરી હાથ ધરવામાં આવશે, જેમાં મોબાઈલ એપ્લિકેશન દ્વારા ડેટા એકત્રિત કરવામાં આવશે. આ એપ્લિકેશન હિન્દી, અંગ્રેજી અને પ્રાદેશિક ભાષાઓમાં ઉપલબ્ધ હશે.

કેન્દ્રીય મંત્રીમંડળે ઉર્જા ક્ષેત્રમાં પણ એક મોટો નિર્ણય લીધો છે. તેમણે કહ્યું, કોલ સેતુ એટલે કે ભારત કોલસાના ઉત્પાદનમાં આત્મનિર્ભર બનવા જઈ રહ્યું છે, જેનાથી આયાત પરની નિર્ભરતા દૂર થશે. આનાથી ૬૦ હજાર કરોડ રૂપિયાની બચત થઈ રહી છે. ૨૦૨૪-૨૫માં ૧ અબજ ટન કોલસાનું ઉત્પાદન થશે.

કેન્દ્ર સરકારે વર્ષ ૨૦૨૭ની રાષ્ટ્રીય વસ્તી ગણતરી **(National Census)** ડિજિટલ માધ્યમથી કરવાનો નિર્ણય લીધો છે. મંગળવારે લોકસભામાં આ અંગે એક મહત્વપૂર્ણ જાહેરાત કરતા ગૃહ રાજ્ય મંત્રી નિત્યાનંદ રાયે જણાવ્યું હતું કે, ભારતના ઈતિહાસમાં આ પ્રથમ વખત હશે જ્યારે વસ્તી ગણતરી પરંપરાગત કાગળ આધારિત ફોર્મ્સને બદલે મોબાઈલ એપ્લિકેશન અને વેબ પોર્ટલ દ્વારા પૂર્ણ કરવામાં આવશે.

**પ્રથમ તબક્કો ૧ એપ્રિલથી સપ્ટેમ્બર ૨૦૨૬ દરમિયાન હાઉસ લિસ્ટિંગ અને હાઉસિંગ સેન્સસઃ બીજો તબક્કો ફેબ્રુઆરી-૨૭માં વસતી ગણતરી હશે**

સાંસદ સનાતન પાંડેના લેખિત પ્રશ્નનો જવાબ આપતા મંત્રી રાયે જણાવ્યું કે, વસ્તી ગણતરી માટે એક વિશેષ ડિજિટલ પોર્ટલ તૈયાર કરવામાં આવી રહ્યું છે, જેના દ્વારા સમગ્ર દેશમાં પ્રક્રિયાઓનું મોનિટરિંગ અને વ્યવસ્થાપન કરવામાં આવશે. તેમણે સ્પષ્ટ કર્યું કે નાગરિકો પોતે તેમની માહિતી ઓનલાઈન ભરી શકશે, જ્યારે ફિલ્ડ અધિકારીઓ મોબાઈલ એપ્લિકેશનનો ઉપયોગ કરીને ડેટા એકત્રિત કરશે.

વસ્તી ગણતરીની નિર્ધારિત પદ્ધતિ મુજબ, દરેક વ્યક્તિની માહિતી તે સ્થળે નોંધવામાં આવશે જ્યાં તે ગણતરીના સમયગાળા દરમિયાન હાજર હશે. આ સિસ્ટમ ૨૦૨૭માં પણ જાળવી રખાશે. આ ઉપરાંત, વ્યક્તિનું જન્મસ્થળ, છેલ્લું નિવાસસ્થાન, વર્તમાન સ્થળે રહેવાનો સમયગાળો અને સ્થળાંતરનું કારણ જેવી પ્રવાસન સંબંધિત માહિતી પણ ડિજિટલ રીતે નોંધવામાં આવશે.

મંત્રી રાયે એ પણ જણાવ્યું હતું કે વસ્તી ગણતરી શરૂ થાય તે પહેલાં પ્રશ્નાવલીને કેન્દ્ર સરકાર દ્વારા સત્તાવાર રાજપત્રમાં સૂચિત કરવામાં આવશે.

આ પ્રક્રિયા પારદર્શિતા સુનિશ્ચિત કરવા અને તમામ રાજ્યો તેમજ એજન્સીઓને સમયસર તૈયારી કરવાની તક આપવા માટે અનિવાર્ય છે.

સરકારનું માનવું છે કે ડિજિટલ વસ્તી ગણતરીના કારણે ડેટા પ્રોસેસિંગ ઝડપી બનશે, ભૂલોની શક્યતા ઘટશે અને અંતિમ રિપોર્ટ અગાઉની તુલનામાં વધુ ભરોસાપાત્ર તથા સમયસર ઉપલબ્ધ થઈ શકશે.

નિષ્ણાતોના મતે, ડિજિટલ માધ્યમથી થયેલી આ વસ્તી ગણતરી ભવિષ્યના નીતિ નિર્માણ, શહેરી આયોજન, સ્થળાંતરના વલણો અને



સામાજિક-આર્થિક સર્વેક્ષણોને વધુ સારી રીતે સમજવામાં મહત્વની ભૂમિકા ભજવશે. ભારતની છેલ્લી વસ્તી ગણતરી વર્ષ ૨૦૧૧ માં થઈ હતી અને ૨૦૨૧ની વસ્તી ગણતરી કોવિડ-૧૯ મહામારીને કારણે મુલતવી રાખવામાં આવી હતી.

આ સંજોગોમાં ૨૦૨૭ની ડિજિટલ વસ્તી ગણતરીને દેશના વસ્તી વિષયક ચિત્રને નવા સ્વરૂપમાં સમજવાની દિશામાં એક મોટી છલાંગ માનવામાં આવી રહી છે.

---

### ટેરિફ વિવાદ વચ્ચે ભારતનો મોટો નિર્ણય

# ભારત ચીની પ્રોફેશનલ્સને હવે આપશે ફટાફટ વિઝા

## ભારતે દેશના ઉદ્યોગોની ગતિ વધારવા માટે ચીનના પ્રોફેશનલ્સને ફટાફટ વિઝા આપવાનો નિર્ણય કર્યો છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

અમેરિકા મસમોટો ટેરિફ ઝિંકીને ભારત પર દબાણ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે, ત્યારે ભારતે દેશના ઉદ્યોગોની ગતિ વધારવા માટે ચીનના પ્રોફેશનલ્સને ફટાફટ વિઝા આપવાનો નિર્ણય કર્યો છે. વિઝાની ખરાઈ અને તપાસ કરવામાં ઘણો સમય લાગતો હોવાથી વિઝામાં વિલંબ થાય છે. જોકે ભારતે આ સમય ઘટાડીને ચીનની કંનપીઓને બિઝનેસ વિઝા આપવાની યોજના બનાવી દીધી છે. ભારતે ચીનથી આવતા પ્રોફેશનલ્સને ફટાફટ વિઝા આપવાનો નિર્ણય કર્યો છે.

મીડિયા રિપોર્ટ મુજબ, બે અધિકારીઓએ નામ ન જણાવવાની શરતે વિઝા અંગે કહ્યું છે કે, ચકાસણી પ્રક્રિયાને દૂર કરી દેવામાં આવી છે, તેથી હવે બિઝનેસ વિઝા ચાર અઠવાડિયાની અંદર આપી શકાશે. એવી પણ ચર્ચા છે કે, ભારતીય કંપનીઓમાં ટેકનિશિન્સની અછત હોવાના કારણે અબજો રૂપિયાનું નુકસાન થઈ રહ્યું છે. બીજીતરફ ચીનના વિદેશ મંત્રાલયે કહ્યું છે કે, બંને દેશો એકબીજાના હિતમાં સકારાત્મક પગલા ભરવા પર ધ્યાન કેન્દ્રીત કરી રહ્યા છે. જોકે ભારતનો વિઝા અંગેનો નિર્ણય બંને દેશો વચ્ચે સંબંધો સુધારવાની દિશામાં એક મોટું પગલું મનાઈ રહ્યું છે. મંત્રાલયના પ્રવક્તા ગુઓ જિયાકુને કહ્યું કે, બંને દેશો સતત એકબીજાના સંપર્કમાં છે અને સતત ચર્ચા-વિચારણા કરવાની રણનીતિ પર આગળ વધી રહ્યા છે.

ઉલ્લેખનીય છે કે, મે-૨૦૨૦માં બંને દેશો વચ્ચે પૂર્વ લદ્દાખમાં ન્છઝ પર ઘર્ષણ થયું હતું. આ દરમિયાન ચાઈનીઝ સૈનિકોએ વિવાદાસ્પદ વિસ્તારમાં ઘૂસણ કરી હતી, જેના કારણે બંને દેશોની સેના સામસામે આવી ગઈ હતી. ભારત ગલવાન નદીની ખીણ અને પેંગોગ પાસે રસ્તા બનાવી રહી હતી, જેને લઈને ચીનને વાંધો હતો. ત્યારબાદ બંને દેશોની સેના વચ્ચે મારામારી થઈ હતી, જેમાં ૨૦ ભારતીય સૈનિકો શહિદ થયા હતા. ઘટનાના પાંચ વર્ષ બાદ રાજદ્વારી અને સૈન્ય સ્તરે વાતચીતો થયા બાદ બંને દેશોના સંબંધોમાં સુધારો થયો છે.

---

### લદાખમાંથી પકડાયેલા ચીની નાગરિકને હોંગકોંગ ડીપોર્ટ કરાયો

# અરુણાચલમાં પાક. માટે જાસૂસી કરી રહેલા બે કાશ્મીરી પકડાયા

## ટેલિગ્રામ જેવી ‘અલ અક્સા’ ચેનલ પરથી સંવેદનશીલ માહિતીઓ મોકલી અને પાકિસ્તાની ઘૂસણખોરોને મદદ કરી

(સંપૂર્ણ સમાચાર સેવા)ઈટાનગર

અરુણાચલ પ્રદેશમાં પાકિસ્તાન માટે જાસૂસી કરવાના આરોપમાં પોલીસે બે કાશ્મીરીને ઝડપ્યા છે. પોલીસના જણાવ્યા મુજબ, કાશ્મીરના નઝિર અહેમદ મલિક અને સાબિર અહેમદ મીર જમ્મુ-કાશ્મીરના કુપવારા જિલ્લાના છે. ગુપ્તચર માહિતીના આધારે પોલીસે ઈટાનગરના ગંગા ગામમાં ભાડાના મકાનમાંથી નાઝિરને ૨૨ નવેમ્બરે પકડી લીધો હતો. નઝિરે ભારતીય સૈન્ય તથા અર્ધલશ્કરી દળોની છાવણીની માહિતી ટેલિગ્રામ જેવી ચેનલ મારફતે પાકિસ્તાની હેન્ડલરને મોકલી હતી. સલામતી છાવણીઓને નિશાન બનાવવા પાકિસ્તાને કાવતરુ ઘડ્યુ હતું. જેના ભાગરૂપે વિસ્ફોટકો લાવવાનું કામ નઝિરને સોંપાયુ હતું. નઝિર પાસેથી બે મોબાઈલ ફોન મળી આવ્યા હતા. ટેલિગ્રામ જેવી અલ અક્સા ચેનલ મારફતે તેણે સંવેદનશીલ માહિતીઓ પાકિસ્તાન પહોંચાડી હોવાનું નઝિરે સ્વીકાર્યું હતું. નઝીરની પૂછપરછમાં અબોટાની કોલોનીમાંથી પોલીસે સાબિરને ઝડપી લીધો હતો. સાબિરનું કામ પાકિસ્તાની ઘૂસણખોરોની મદદ કરવાનું અને ભારતમાં હથિયારો પહોંચાડવાનું હતું. અરુણાચલ પ્રદેશમાં નાના વેપારીનો સ્વાંગ ધરી બંને કાશ્મીરી આતંકવાદી કૃત્ય આચરતા હતા.ભારતમાં બૌદ્ધ ધાર્મિક સ્થળોની મુલાકાતના બહાને વિઝા મેળવ્યા પછી લદાખ અને જમ્મુ-કાશ્મીરના સંવેદનશીલ વિસ્તારોમાં રેકી કરનારા ૨૯ વર્ષીય ચીની નાગરિક હુ કોંગતાઈને સલામતી દળોએ પકડ્યો હતો. લદાખમાં વ્યૂહાત્મક મહત્ત્વ ધરાવતા ઝંસકાર પ્રાંતમાંથી ગત મહિને તેની ધરપડ થઈ હતી. તેના મોબાઈલની બ્રાઉઝિંગ હિસ્ટ્રીમાં સીઆરપીએફ કેમ્પ તથા અન્ય છાવણીઓની સર્ચના પુરાવા મળ્યા હતા. કોંગતાઈનો વિઝા બ્લેક લિસ્ટ કરી તેને હોંગકોંગ ડીપોર્ટ કરી દેવાયો છે.

---

### NDA સાંસદોને વડાપ્રધાન મોદીની ટકોર

# તમે બસ કામ કરો, આ મજૂર તમારી પાછળ ઊભો છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દિલ્હીમાં સંસદનું શિયાળુ સત્ર ચાલી રહ્યું છે. જે દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વિવિધ રાજ્યોના **NDA**ના સાંસદો સાથે બેઠક યોજી હતી. ગુરુવારે રાત્રે વડાપ્રધાનના નિવાસ સ્થાને **NDA** સાંસદો સાથે જમણવારનો કાર્યક્રમ પણ રાખવામાં આવ્યો હતો. પીએમ મોદીએ સાંસદોને જનસંપર્કના માધ્યમથી પ્રજા સુધી પહોંચવા ટકોર પણ કરી હતી. અહેવાલ અનુસાર વડાપ્રધાન મોદીએ સાંસદોને સલાહ આપી હતી કે તેમણે વિકાસ કાર્યો લોકો સુધી પહોંચાડવા માટે આધુનિક ટૅક્નોલૉજીની મદદ લેવી જોઈએ. તેમણે કહ્યું કે સરકાર સતત લોકોના હિતમાં કામ કરી રહી છે પણ સરકારની ઉપલબ્ધિઓ લોકો સુધી

### સાંસદોને સોશિયલ મીડિયામાં વધુ એક્ટિવ રહેવા સલાહ



પહોંચી નથી શકતી. તેથી જનસંપર્ક હજુ મજબૂત કરવાની જરૂર છે. સૂત્રો અનુસાર વડાપ્રધાન મોદીએ સાંસદોને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ પર પણ વધુ સક્રિય રહેવાની સલાહ આપી.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું, કે ચૂંટણી નજીક આવતાં જ કોંગ્રેસ વાયદાઓનો ઢગલો કરી નાંખે છે અને કામ કરવાનો દેખાડો કરે છે, પણ **NDA** સરકાર તો નિરંતર કામમાં વિશ્વાસ રાખે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સાંસદોને કહ્યું, તમે બસ કામ કરો, આ મજૂર તમારી પાછળ ઊભો છે.

---

### ૫ વર્ષમાં ૭ ચૂંટણી છતાં ટકી ન શકી સરકાર

# જન આંદોલનના કારણે વધુ બલ્ગેરિયાના PMનું રાજીનામું

(સંપૂર્ણ સમાચાર સેવા)બલ્ગેરિયા

બલ્ગેરિયામાં છેલ્લાં ઘણાં મહિનાઓથી ચાલી રહેલા ઉગ્ર જનઆંદોલન અને વિરોધ પ્રદર્શનોના દબાણ સામે આખરે સરકારે ઘૂંટણ ટેકવી દીધા છે. ભ્રષ્ટાચાર અને ખામીયુક્ત આર્થિક નીતિઓ વિરુદ્ધ થયેલા આ વ્યાપક વિરોધ બાદ બલ્ગેરિયાના વડાપ્રધાન રોસેન જેલ્યાઝકોવ અને તેમની કેબિનેટે ગુરુવારે રાજીનામું આપી દીધું. સંસદમાં સરકાર વિરુદ્ધના અવિશ્વાસ પ્રસ્તાવ પર મતદાન થાય, તેની થોડી ક્ષણો પહેલા જ આ પગલું ભરાયું હતું. નોંધનીય છે કે, આ પહેલા નેપાળ (સપ્ટેમ્બર ૨૦૨૫), તિમોર લેસ્ટે (સપ્ટેમ્બર ૨૦૨૫), માડાગાસ્કર (ઓક્ટોબર ૨૦૨૫), સર્બિયા (જાન્યુઆરી ૨૦૨૫), બાંગ્લાદેશ (ઓગસ્ટ ૨૦૨૪) અને કેન્યા (જુલાઈ ૨૦૨૪)માં દેશવ્યાપી વિરોધને પગલે સરકારો ઘરભેગી થઈ ચૂકી છે. બલ્ગેરિયાની સરકાર પર ખરાબ આર્થિક નીતિઓ અને ભ્રષ્ટાચારને નિયંત્રિત કરવામાં સતત નિષ્ફળતાના આરોપો હતા. આ કારણોસર જનતામાં ભારે આક્રોશ હતો. પરિણામે ઘણાં સમયથી મોટા પાયે દેશવ્યાપી વિરોધ પ્રદર્શનો ચાલી રહ્યા હતા. હજારોની સંખ્યામાં લોકો રસ્તા પર ઉતરી આવ્યા હતા, જેનાથી દેશનું વાતાવરણ સત્તા પરિવર્તન તરફ જઈ રહ્યું હતું. આ ગંભીર સ્થિતિને જોતાં સરકારે સમજદારી દાખવીને રાજીનામા આપવાનો નિર્ણય લીધો હતો. રાજીનામું આપતી વખતે વડાપ્રધાન જેલ્યાઝકોવે કહ્યું હતું કે, ’અમે સરકાર વિરુદ્ધ વિરોધ કરી રહેલા નાગરિકોની વાત સાંભળી રહ્યા છીએ. યુવાનો હોય કે વૃદ્ધો, દરેકે અમારા રાજીનામા માટે અવાજ ઉઠાવ્યો છે અને નાગરિકોની આ શક્તિને સમર્થન અને પ્રોત્સાહન મળવું જોઈએ.’ હવે બંધારણીય રીતે મર્યાદિત સત્તા ધરાવતા રાષ્ટ્રપતિ રાદેવ વિવિધ રાજકીય પક્ષોને નવી સરકાર બનાવવાનો પ્રયાસ કરવાનું કહેશે. જો તેઓ નિષ્ફળ જશે, તો દેશમાં ચૂંટણી ન થાય ત્યાં સુધી ચલાવવા માટે એક વચગાળાની સરકારની નિયુક્તિ કરાશે. આ દરમિયાન બલ્ગેરિયા ૧ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ યુરો ઝોનમાં સામેલ થવા જઈ રહ્યું હતું. આટલા મહત્ત્વના આર્થિક ફેરફાર પહેલાં જ જનતાનો ગુસ્સો અને સરકારના રાજીનામાથી આ રાજકીય ભૂકંપ સર્જાયો હતો. આ વિરોધને પગલે જ સરકારે ગયા સપ્તાહે વર્ષ ૨૦૨૬ની યુરો બજેટ યોજના પાછી ખેંચી લીધી હતી. બલ્ગેરિયામાં છેલ્લા ચાર વર્ષમાં ૭ રાષ્ટ્રીય ચૂંટણી યોજાઈ ચૂકી છે, જે દર્શાવે છે કે દેશમાં રાજકીય અને સામાજિક વિભાજન કેટલું ઊંડું છે.

---

### મનરેગાનું નામ બદલવા કેબિનેટની મંજૂરી

# મનરેગા યોજનાને હવે પૂજ્ય બાપુ ગ્રામીણ રોજગાર યોજના કહેવાશે

## રોજગારીના દિવસો પણ વધશે, બજેટની પણ જોગવાઈ, મનરેગાથી ૧૫.૪ કરોડ લોકોને મળી રોજગારી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

કેન્દ્ર સરકારે ગ્રામીણ ક્ષેત્રની સૌથી મોટી ફ્લેગશિપ યોજના મનરેગાના નામ અને તેના કામકાજના દિવસોમાં ઐતિહાસિક ફેરફારને કેબિનેટમાં મંજૂરી આપી દીધી છે. હવે આ યોજના પૂજ્ય બાપુ ગ્રામીણ રોજગાર ગેરંટી તરીકે ઓળખાશે. સરકાર યોજનાને નવી ઓળખ આપવા સાથે શ્રમિકોને મળતાં લાભોમાં પણ મોટો વધારો કરી રહી છે.આ નિર્ણય હેઠળ, યોજનામાં સૌથી મોટો ફેરફાર એ છે કે શ્રમિકોને એક વર્ષમાં મળતા રોજગારના દિવસોની સંખ્યા ૧૦૦ દિવસથી વધારીને ૧૨૫ દિવસ કરવામાં આવશે. આ વધારાથી ગ્રામીણ પરિવારોને વાર્ષિક ધોરણે વધુ આર્થિક સુરક્ષા મળશે. આ યોજનાને નવા રૂપમાં લાગુ કરવા માટે કેન્દ્ર સરકારે રૂ.૧.૫૧ લાખ કરોડ રૂપિયાની જંગી જોગવાઈ કરી છે, જે ગ્રામીણ અર્થતંત્રને મજબૂત કરવાના સરકારના સંકલ્પને દર્શાવે છે. વર્ષ ૨૦૦૫માં મનમોહન સિંહ સરકાર દ્વારા જ્યારે આ યોજના નેશનલ રૂરલ એમ્પ્લૉયમેન્ટ ગેરેન્ટી ઍક્ટ તરીકે શરુ કરવામાં આવી હતી, ત્યારથી તેનું નામ બે વખત બદલાયું છે. અગાઉ મહાત્મા ગાંધી નેશનલ રૂરલ એમ્પ્લૉયમેન્ટ ગેરંટી ઍક્ટ **(MGNREGA)** કરાયું હતું. હવે પૂજ્ય બાપુ નામ ઉમેરીને યોજનાને રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના સિદ્ધાંતો સાથે વધુ જોડીને નવી ઓળખ આપવાનો સરકારે દાવો કર્યો છે. ગ્રામીણ વિકાસ મંત્રાલય દ્વારા સંચાલિત આ યોજના અત્યાર સુધીમાં ૧૫.૪ કરોડથી વધુ સક્રિય કામદારોને રોજગાર આપી ચૂકી છે, જે તેને દેશના ગ્રામીણ પરિવારો માટે આર્થિક મદદ પૂરી પાડતી સૌથી મોટી યોજના બનાવે છે. કામના દિવસોમાં વધારો થવાથી માત્ર ગરીબી રેખા હેઠળના પરિવારોને જ નહીં, પરંતુ સમગ્ર ગ્રામીણ વપરાશ અને સ્થાનિક સંપત્તિના નિર્માણને પણ પ્રોત્સાહન મળશે.




# તંત્રી લેખ......

## રાજકીય અટકળોનું બજાર ગરમ થયું: સતત ત્રીજી વખત કોંગ્રેસની બેઠકમાં શશી થરુર ગેરહાજર

લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીની અધ્યક્ષતામાં શુક્રવારે યોજાયેલી કોંગ્રેસના સાંસદોની એક મહત્વપૂર્ણ બેઠકમાંથી વરિષ્ઠ સાંસદ શશિ થરૂર ગેરહાજર રહ્યા હતા.

આ સતત ત્રીજો એવો મોકો છે જ્યારે થરૂરે પાર્ટીની આવી વ્યૂહાત્મક બેઠકોથી અંતર જાળવ્યું છે, જેના કારણે કોંગ્રેસ પાર્ટીમાં ફરી એકવાર રાજકીય અટકળોનું બજાર ગરમ થયું છે.

કોંગ્રેસ સાંસદ શશિ થરૂર દ્વારા વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને તેમની નીતિઓના વખાણ કરવાના કારણે ઘણા સમયથી થરૂર અને કોંગ્રેસ પાર્ટી વચ્ચેના સંબંધોમાં તણાવ જોવા મળી રહ્યો છે. શુક્રવારે સંસદ ભવનની એનેક્સી એક્સટેન્શન બિલ્ડિંગમાં યોજાયેલી આ બેઠકમાં સંસદના બાકી રહેલા શિયાળુ સત્ર માટેની વ્યૂહરચના, વિપક્ષી એકતા અને સરકારને ઘેરવાના મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠકમાં કોંગ્રેસના લગભગ તમામ સાંસદો હાજર હતા, પરંતુ શશિ થરૂરની ગેરહાજરીએ ફરી એકવાર ચર્ચા જગાવી છે.

પાર્ટી સૂત્રોના જણાવ્યા મુજબ, થરૂરે અગાઉથી જ પાર્ટીને પોતાની ગેરહાજરી વિશે જાણ કરી દીધી હતી.

થરૂરના સોશિયલ મીડિયા (એક્સ) ટાઈમલાઈન મુજબ, તે ગુરુવારે કોલકાતામાં એક ઈવેન્ટમાં હતા, જેના કારણે માનવામાં આવી રહ્યું છે કે તે દિલ્હીમાં યોજાયેલી બેઠકમાં પહોંચી શક્યા ન હતા. જોકે, આ બેઠકમાંથી કોંગ્રેસના અન્ય એક વરિષ્ઠ નેતા અને ચંદીગઢના સાંસદ મનીષ તિવારી પણ ગેરહાજર રહ્યા હતા, જેનાથી પાર્ટીમાં હલચલ વધી છે.

નોંધનીય છે કે, આ પહેલો પ્રસંગ નથી જ્યારે થરૂરે પાર્ટીની બેઠકોથી દૂરી બનાવી હોય. આ પહેલા પણ શશિ થરૂરે બે વખત આવી બેઠકોમાંથી ગેરહાજરી નોંધાવી હતી.

જોકે, ૧ ડિસેમ્બરે થરૂરે સ્પષ્ટતા કરી હતી કે તેમણે અગાઉ યોજાયેલી કોંગ્રેસની વ્યૂહાત્મક જૂથની બેઠક જાણી જોઈને છોડી નહોતી. તેમણે કહ્યું હતું કે જ્યારે બેઠક થઈ ત્યારે તેઓ કેરળથી પરત ફરતી ફ્લાઈટમાં હતા.

જોકે, સતત ત્રીજી વખત બેઠકમાંથી દૂર રહેવાના કારણે કોંગ્રેસની અંદર થરૂરના વલણ અંગે અનેક સવાલો ઉઠી રહ્યા છે. કોંગ્રેસ સાંસદ શશિ થરૂર દ્વારા વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને તેમની નીતિઓના વખાણ કરવાના કારણે ઘણા સમયથી થરૂર અને કોંગ્રેસ પાર્ટી વચ્ચેના સંબંધોમાં તણાવ જોવા મળી રહ્યો છે.


# ડેઈલી માર્કેટ રિપોર્ટ: સોના-ચાંદીમાં તેજીની આગેકૂચ સાથે બંને કીમતી ધાતુઓના વાયદામાં ઓલ ટાઈમ હાઈ ભાવ જોવાયા

## ક્રૂડ તેલના વાયદામાં રૂ.૩૬ની વૃદ્ધિ: કોમોડિટી વાયદાઓમાં રૂ.૫૪૧૫૯.૪૮ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૨૦૪૨૬૫.૧૨ કરોડનું ટર્નઓવર: સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૪૫૧૪૭.૦૨ કરોડનાં કામકાજ: બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૩૨૯૩૬ પોઈન્ટના સ્તરે

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.૨૫૮૪૩૮.૫૧ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૫૪૧૫૯.૪૮ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.૨૦૪૨૬૫.૧૨ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ ડિસેમ્બર વાયદો ૩૨૯૩૬ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૩૨૭૮.૪૧ કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૪૫૧૪૭.૦૨ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૩૨૪૪૨ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૩૪૯૬૬ના ઓલ ટાઈમ હાઈ અને નીચામાં રૂ.૧૩૨૨૭૫ના સ્તરને સ્પર્શી, રૂ.૧૩૨૪૬૯ના આગલા બંધ સામે રૂ.૨૪૩૨ના ઉછાળા સાથે રૂ.૧૩૪૯૦૧ના સ્તરે પહોંચ્યો હતો. ગોલ્ડ-ગિની ડિસેમ્બર વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૨૦૨૧ વધી રૂ.૧૦૭૭૨૭ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-પેટલ ડિસેમ્બર વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૨૪૫ વધી રૂ.૧૩૪૮૪ના ભાવે બોલાયો હતો. સોનું-મિની જાન્યુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૨૧૧૫ વધી રૂ.૧૩૩૦૨૦ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-ટેન ડિસેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૩૧૩૩૪ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૩૩૩૮૮ અને નીચામાં રૂ.૧૩૦૯૦૧ના મથાળે અથડાઈ, રૂ.૧૩૧૧૩૭ના આગલા બંધ સામે રૂ.૨૧૬૩ વધી રૂ.૧૩૩૩૦૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો કિલોદીઠ રૂ.૧૯૬૯૫૮ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૨૦૧૩૮૮ના ઓલ ટાઈમ હાઈને સ્પર્શી, નીચામાં રૂ.૧૯૬૯૫૭ના મથાળે અથડાઈ, રૂ.૧૯૮૯૪૨ના આગલા બંધ સામે રૂ.૧૫૮૯ના ઉછાળા સાથે રૂ.૨૦૦૫૩૧ના સ્તરે પહોંચ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.૧૭૮૩ વધી રૂ.૨૦૦૯૯૩ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી વાયદો રૂ.૧૭૮૫ વધી રૂ.૨૦૧૦૦૮ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદી-મિની ફેબ્રુઆરી વાયદો ઊપરમાં રૂ.૨૦૧૮૦૦ અને ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી વાયદો રૂ.૨૦૧૮૫૯ના ઓલ ટાઈમ હાઈ સ્તરે બોલાયા હતા.

બિનલોહ ધાતુઓમાં રૂ. ૫૧૧૩.૩૯ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું ડિસેમ્બર વાયદો રૂ.૭.૫૫ વધી રૂ.૧૧૧૯.૪ના ભાવે બોલાયો હતો. જસત ડિસેમ્બર વાયદો રૂ.૨.૨ વધી રૂ.૩૨૨.૩ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ ડિસેમ્બર વાયદો ૧૦ પૈસા વધી રૂ.૨૮૦.૮ના સ્તરે પહોંચ્યો હતો. સીસું ડિસેમ્બર વાયદો ૨૫ પૈસા વધી રૂ.૧૮૨.૧૫ના ભાવે બોલાયો હતો.




એનર્જી સેગમેન્ટમાં રૂ. ૩૭૪૫.૭૩ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી ડિસેમ્બર વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૩૭૨૯ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૩૭૩૨ અને નીચામાં રૂ.૩૬૭૦ના મથાળે અથડાઈ, રૂ.૩૩ ઘટી રૂ.૩૭૦૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ક્રૂડ તેલ ડિસેમ્બર વાયદો બેરલદીઠ રૂ.૫૨૩૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૫૨૬૦ અને નીચામાં રૂ.૫૨૦૦ના મથાળે અથડાઈ, રૂ.૫૧૭૯ના આગલા બંધ સામે રૂ.૩૬ વધી રૂ.૫૨૧૫ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ-મિની ડિસેમ્બર વાયદો રૂ.૩૬ વધી રૂ.૫૨૧૬ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. નેચરલ ગેસ ડિસેમ્બર વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૪.૪ વધી રૂ.૩૮૫.૫ થયો હતો. નેચરલ ગેસ-મિની ડિસેમ્બર વાયદો રૂ.૪.૧ વધી રૂ.૩૮૫.૪ થયો હતો.

કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ ડિસેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૯૦૯.૫ના ભાવે ખૂલી, રૂ.૩.૧ ઘટી રૂ.૯૨૫.૧ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. કોટન ડિસેમ્બર વાયદો રૂ.૪૦ વધી રૂ.૨૫૨૦૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલચી ડિસેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૨૬૨૦ના ભાવે ખૂલી, રૂ.૧ ઘટી રૂ.૨૬૫૬ના સ્તરે પહોંચ્યો હતો. કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. ૨૪૪૩૨.૨૮ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ. ૨૦૭૧૪.૭૪ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ. ૪૩૩૨.૬૮ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. ૨૪૮.૧૨ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ. ૧૯.૩૮ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. ૫૧૩.૨૨ કરોડનાં કામકાજ થયાં હતાં.

ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ. ૧૨.૮૭ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ. ૯૦૩.૧૮ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ. ૨૮૨૯.૬૮ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ. ૦.૫૦ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૧૫૨૫૬ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૭૧૯૭૯ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૧૮૮૪૭ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૨૯૮૪૯૨ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૩૨૭૮૪ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૧૭૪૦૦ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૪૧૭૧૩ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૧૧૮૩૭૫ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૭૪૯ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૮૬૨૮ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૪૦૧૭૦ લોટના સ્તરે રહ્યો હતો. ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ ડિસેમ્બર વાયદો ૩૨૬૩૨ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૩૨૯૭૫ પોઈન્ટના સ્તર અને નીચામાં ૩૨૪૦૦ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૩૭૩ પોઈન્ટ વધી ૩૨૯૩૬ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ ડિસેમ્બર રૂ.૫૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ ૭૦ પૈસા વધી રૂ.૩૨ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ ડિસેમ્બર રૂ.૩૮૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૩.૪૫ વધી રૂ.૨૧.૭ના ભાવે બોલાયો હતો.

સોનું ડિસેમ્બર રૂ.૧૩૬૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૮૭૪ વધી રૂ.૨૦૫૮.૫ થયો હતો. આ સામે ચાંદી ડિસેમ્બર રૂ.૧૯૮૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૦૭૭ વધી રૂ.૭૯૦૮ થયો હતો. તાંબું ડિસેમ્બર રૂ.૧૧૨૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૪.૪૬ વધી રૂ.૧૯.૫ના ભાવે બોલાયો હતો. જસત ડિસેમ્બર રૂ.૩૧૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૩.૪૮ વધી રૂ.૧૦.૮૪ના ભાવે બોલાયો હતો.

પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ ડિસેમ્બર રૂ.૫૨૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૨૨.૧ ઘટી રૂ.૬૧.૬ થયો હતો. જ્યારે નેચરલ ગેસ ડિસેમ્બર રૂ.૩૮૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૫ પૈસા ઘટી રૂ.૧૭ થયો હતો. આ સામે ચાંદી ડિસેમ્બર રૂ.૧૯૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૩૬૪.૫ ઘટી રૂ.૨૪૫૫ થયો હતો. તાંબું ડિસેમ્બર રૂ.૧૧૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧.૬ ઘટી રૂ.૧૦.૭૯ના ભાવે બોલાયો હતો. જસત ડિસેમ્બર રૂ.૩૧૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૧૪ પૈસા ઘટી રૂ.૨.૩૫ થયો હતો.

### નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી, શિક્ષણ મંત્રી શ્રી પદ્યુમન વાજા અને શિક્ષણ રાજ્ય મંત્રી શ્રી રીવાબા જાડેજાની પ્રેરક ઉપસ્થિતિ

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે શિક્ષણની વિવિધ યોજનાઓ હેઠળ ૧૩ લાખ વિદ્યાર્થીઓને રૂ.૩૭૦ કરોડની સ્કોલરશીપ સહાય વિતરણ

## નમો લક્ષ્મી યોજના, નમો સરસ્વતી વિજ્ઞાન સાધના, મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ અને મુખ્યમંત્રી જ્ઞાનસેતુ મેરીટ સ્કોલરશીપ યોજનાના લાભાર્થીઓને ડી.બી.ટી.થી સહાય એનાયત

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગર ખાતે નમો લક્ષ્મી યોજના, નમો સરસ્વતી વિજ્ઞાન સાધના, મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ અને મુખ્યમંત્રી જ્ઞાનસેતુ મેરીટ સ્કોલરશીપ યોજનાના ૧૩ લાખથી વધુ લાભાર્થી વિદ્યાર્થીઓને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી, શિક્ષણ મંત્રી શ્રી પ્રદ્યુમન વાજા અને શિક્ષણ રાજ્ય મંત્રી શ્રી રીવાબા જાડેજાની ઉપસ્થિતિમાં રૂ.૩૭૦ કરોડથી વધુની સ્કોલરશીપ સહાય ડી.બી.ટી.થી એનાયત કરી હતી.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ અને માર્ગદર્શનમાં છેલ્લા અઢી દાયકામાં રાજ્યમાં શિક્ષણ ક્ષેત્રે ખૂબ મોટો બદલાવ આવ્યો છે. કે.જી. થી પી.જી. સુધીનું શિક્ષણ બાળકોને સરળતાએ મળે તેવી વડાપ્રધાનશ્રીની નેમ પાર પડી રહી છે.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યુ કે, પ્રાથમિક શિક્ષણ પૂર્ણ કર્યા પછી વિદ્યાર્થીઓ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ પણ સફળતાપૂર્વક પૂર્ણ કરે તથા કન્યા શિક્ષણને વધુ પ્રોત્સાહન મળે તેની ચિંતા કરીને નમો લક્ષ્મી યોજના અને નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજનાઓ શરૂ કરી છે તેમ તેમણે ઉમેર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ "બેટી પઢાવો" અભિયાનથી દેશમાં દીકરીઓના ભણતરને ખૂબ મોટો વેગ આપ્યો છે. ૨૦૦૧માં ગુજરાતનું સેવાદાયિત્વ તેમણે સંભાળ્યું ત્યારે અનેક સમસ્યાઓ હતી. આવા સમયે કોઈ રાજ્યનાં મુખ્યમંત્રી પોતે ગામેગામ જઈને દીકરીઓના ભણતર માટેનો સેવા યજ્ઞ ઉપાડે તેનો દાખલો શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશમાં બેસાડ્યો હોવાનું મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યુ હતું.

એટલું જ નહીં, મુખ્યમંત્રી તરીકે તેમને મળતી ભેટ સોગાદોની હરાજી કરીને એની જે રકમ આવે તે કન્યા કેળવણી માટે આપવાની નવી પરંપરા શ્રી નરેન્દ્રભાઈએ શરૂ કરી હતી. આ બધાના પરિણામે લોકોમાં પણ દીકરીઓને શાળાએ મોકલવાની જાગૃતિ વધી. તેમજ શાળા પ્રવેશોત્સવ - કન્યા કેળવણી મહોત્સવની સફળતાને પગલે દીકરીઓનો ડ્રોપ આઉટ રેટ ૩૭% થી ઘટીને બે ટકાથી પણ નીચો આવી ગયો હોવાનું મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યુ હતું. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, એક સમયે ગામોમાં વિજ્ઞાન પ્રવાહની શાળોઓની સંખ્યા નહિવત હતી. આજે વિજ્ઞાન પ્રવાહની ૨૮૩૪ શાળોઓ થઈ ગઈ છે. તેમણે વધુમાં કહ્યું હતું કે, ૨૦૦૧માં માત્ર ૭૭૫ કોલેજો હતી આજે ગુજરાતમાં ૩૨૦૦થી વધુ કોલેજો વિદ્યાર્થીઓના ઘડતરનું કાર્ય કરી રહી છે.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, ધો.૧૨માં વિજ્ઞાન પ્રવાહ પછી એન્જિનિયરિંગમાં અભ્યાસ માટે જવુ હોય તો માત્ર ૧૩૯ કોલેજ હતી, આજે એન્જિનિયરિંગ કોલેજની સંખ્યા ૨૮૮એ પહોંચી છે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, ગુજરાતમાં શ્રી નરેન્દ્રભાઈએ મુખ્યમંત્રી તરીકે સેવાદાયિત્વ સંભાળ્યું ત્યારે ૧૧૭૫ મેડિકલ સીટો હતી. જે આજે ૭૦૦૦ હજારથી વધુ થઈ છે.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, મેડિકલમાં અભ્યાસ કરતી દિકરીઓને આર્થિક મદદ મળે તે માટે મુખ્યમંત્રી કન્યા કેળવણી નિધિ યોજનામાંથી અત્યારસુધીમાં રાજ્યની ૨૪ હજારથી વધુ દીકરીઓને સહાય આપવામાં આવી છે.

નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે, ગુજરાતનું અને દેશનું ભવિષ્ય જેમના હાથમાં છે તેવા આજના વિધાર્થીઓ માટે ગુજરાત સરકારના શિક્ષણ વિભાગે શરૂ કરેલી ફ્લેગશિપ યોજનાઓ પૈકીની ચાર યોજનાઓ અંતર્ગત આજે ૧૩ લાખથી વધુ વિદ્યાર્થીઓના બેંક ખાતામાં રૂ.૩૭૦ કરોડથી વધુ રકમની શિષ્યવૃત્તિ સહાય સીધી જ DBT માધ્યમથી ટ્રાન્સફર થઈ છે. અત્યાર સુધીમાં, આ ચારેય યોજના અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા અત્યાર સુધીમાં કુલ ૧૩.૫૦ લાખથી વધુ બાળકોને રૂ.૧૩૩૨ કરોડથી વધુની રકમ ચૂકવવામાં આવી છે.

શ્રી હર્ષ સંઘવીએ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલને બીજી ટર્મમાં આજે સફળતાપૂર્વકના ત્રણ વર્ષ નિમિત્તે અભિનંદન પાઠવતા કહ્યું કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે રાજયના નાગરિકોના હિતમાં અનેક નિર્ણયો લીધા છે અને તેમના સ્વભાવ મુજબ મૃદુતા સાથે સમગ્ર મંત્રી મંડળની ટીમને પણ આ પ્રકારે લોકહિતના નિર્ણય લેવા માટે સતત પ્રેરણા, મોકળાશ અને હિંમત આપી છે. શિક્ષણ વિભાગની જે ચાર યોજનાઓ અંતર્ગત આજે શિષ્યવૃત્તિ સહાય ચૂકવવામાં આવી તે પૈકીની એક ફ્લેગશિપ યોજના પણ તેમના જ નિર્ણયનો અંશ છે. શિક્ષણ વિભાગ દ્વારા યોજાયેલા આ પ્રકારના પ્રત્યેક કાર્યક્રમમાં ઉપસ્થિત રહીને મુખ્યમંત્રીશ્રીએ શિક્ષણ વિભાગ પ્રત્યે અને આપણું ભવિષ્ય એવા વિધાર્થીઓ માટે તેમનું સમર્પણ અને યોગદાન કેટલું છે તે સાબિત કરી બતાવ્યું છે.

શ્રી હર્ષ સંઘવીએ નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના અંગે કહ્યું કે, ગુજરાતમાં જે રીતે મોટી મોટી ઈન્ડસ્ટ્રીઝ આવી રહી છે ત્યારે આપણા વિધાર્થીઓ પણ તેમાં પોતાનું યોગદાન આપી શકે તે ખૂબ જરૂરી છે. આવા સંજોગોમાં કોઈ માતા પિતા પોતાના બાળકને વિજ્ઞાન પ્રવાહમાં ભણાવવા માંગતા હોય અને તેમના પર આર્થિક ભારણ ન પડે તેવા શુધ્ધ વિચારો સાથે રાજ્ય સરકાર દ્વારા આ મહત્વપૂર્ણ યોજના શરૂ કરવામાં આવી છે, જેનો લાભ રાજયના અનેક વિધાર્થીઓ લઈ રહ્યા છે.

શિક્ષણ મંત્રી ડૉ. પ્રદ્યુમન વાજાએ રાજયમાં શિષ્યવૃત્તિ વિતરણના પ્રસંગે જણાવ્યું હતું કે, "વિકસિત ગુજરાત થકી વિકસિત ભારત"ના નિર્માણમાં શિક્ષિત અને સક્ષમ સમાજનું નિર્માણ કરવા ગુજરાત સરકાર અડગ છે. તેમણે ઉમેર્યું હતું કે, શિક્ષણ વિભાગ દેશના ભવિષ્ય એવા આજના બાળકોને ગુણવત્તાયુક્ત શિક્ષણ થકી યોગ્ય દિશા આપવા સંકલ્પબદ્ધ છે. સરકાર દ્વારા શિક્ષણમાં કરવામાં આવેલું આ રોકાણ માત્ર આર્થિક સહાય નથી, પરંતુ આવનારા સમયના વિકસિત ગુજરાતના નિર્માણનો મજબૂત પાયો છે. આ મહત્વપૂર્ણ પગલાં ગુજરાતના વિદ્યાર્થીઓના જીવનમાં નવી દિશા, નવી તક અને નવા સપનાઓ આપશે.

ગુજરાત સરકાર દ્વારા શિક્ષણને પ્રાથમિકતા આપતી ચાર મહત્વપૂર્ણ યોજનાઓથી આવી રહેલા ફેરફારની વાત કરતાં મંત્રીશ્રીએ કહ્યું હતું કે, આ યોજનાઓ થકી લાખો વિદ્યાર્થીઓના ઉજ્જવળ ભવિષ્યનું નિર્માણ થઈ રહ્યું છે. નમો લક્ષ્મી યોજનાએ દીકરીઓના સશક્તીકરણનું શક્તિશાળી માધ્યમ બની છે. આ યોજના હેઠળ અત્યાર સુધીમાં ૧૦.૪૯ લાખ દીકરીઓને રૂ. ૧,૦૩૩ કરોડની સહાય DBT દ્વારા ચૂકવાઈ છે. આના પરિણામે વિદ્યાર્થીનીઓની હાજરીમાં ૭૩ ટકા જેટલો નોંધપાત્ર વધારો થયો છે તેમજ ધોરણ ૧૨માં પ્રવેશ મેળવનાર દીકરીઓની સંખ્યામાં ૧૩.૫૯ ટકાનો વધારો નોંધાયો છે. શિક્ષણ મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું કે, નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના દ્વારા વિજ્ઞાન પ્રવાહમાં વિદ્યાર્થીઓની રૂચિ વધારવા માટે ૧.૫ લાખ વિદ્યાર્થીઓને રૂ. ૧૫૧.૮૪ કરોડની સહાય આપવામાં આવી છે, જેનાથી વિજ્ઞાન પ્રવાહના નામાંકનમાં ૬.૩૪ ટકાનો વધારો થયો છે. મેરિટ અને ગુણવત્તા આધારિત શિક્ષણને પ્રોત્સાહન આપતી અન્ય બે યોજનાઓ – મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરિટ સ્કોલરશિપ યોજના દ્વારા ૫૦,૦૦૦ વિદ્યાર્થીઓને રૂ. ૮૬.૧૪ કરોડ અને મુખ્યમંત્રી જ્ઞાન સેતુ મેરિટ સ્કોલરશિપ યોજના દ્વારા ૬૦,૦૦૦ વિદ્યાર્થીઓને રૂ. ૬૧.૨૭ કરોડની સહાય આપવામાં આવી છે. આ ચારેય યોજનાઓ ગુજરાતના લાખો વિદ્યાર્થીઓના ઉજ્જવળ ભવિષ્ય માટે જ્ઞાનસેતુનું નિર્માણ કરી રહી છે તેમ મંત્રીશ્રીએ વધુમાં ઉમેર્યું હતું.

વિદ્યાર્થીઓના ઉત્કર્ષ માટે આયોજિત આ શિષ્યવૃત્તિ વિતરણ કાર્યક્રમમાં શિક્ષણ રાજ્ય મંત્રી શ્રીમતી રિવાબા જાડેજાએ જણાવ્યું હતું કે, શિક્ષણ એ સમાજમાં હકારાત્મક બદલાવ તેમજ દરેક બાળકને સશક્ત બનાવવાનું સૌથી શક્તિશાળી માધ્યમ છે, તેમ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કહ્યું હતું. વડાપ્રધાનશ્રીના આ વિચારને સાકાર કરતા આજના કાર્યક્રમમાં રાજ્ય સરકાર દ્વારા કુલ ૧૩ લાખથી વધુ વિદ્યાર્થીઓને ડીબીટીના માધ્યમથી રૂ. ૩૭૦ કરોડની સહાય પહોંચાડવાનો આ એક ગૌરવ લઈ શકાય તેવો ઐતિહાસિક પ્રસંગ છે.

મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, આપણા દેશનું દરેક બાળક ઉજ્જવળ ભારતનું સ્વપ્ન છે. જેથી મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકાર નમો લક્ષ્મી, નમો સરસ્વતી સહિત અનેકવિધ યોજનાઓ થકી બાળકોના સર્વાંગી વિકાસ, શિક્ષણ અને આરોગ્યને કેન્દ્રમાં રાખીને સતત કાર્ય કરી રહી છે. જેનો મુખ્ય ઉદ્દેશ્ય ગુણવત્તાસભર શિક્ષણ, માળખાકીય સુવિધામાં સતત વધારો, કન્યા શિક્ષણને પ્રોત્સાહન, ડ્રોપઆઉટ રેશિયોમાં ઘટાડો કરવો અને સાથે બાળકોનો સર્વાંગી વિકાસ સાથે રાજ્યના વિદ્યાર્થીઓને શ્રેષ્ઠ શિક્ષણ પ્રદાન કરીને સુંદર ભવિષ્ય બનાવવાનો પ્રયત્ન કરવામાં આવી રહ્યો છે.

આ કાર્યક્રમમાં ગાંધીનગર જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી શિલ્પાબેન પટેલ, મેયર શ્રીમતી મીરાબેન પટેલ, ગાંધીનગર શહેર સંગઠન પ્રમુખ ડો. આશીષ દવે, શિક્ષણ વિભાગના અગ્ર સચિવ શ્રી મુકેશ કુમાર, નિયામક શાળાઓની કચેરી શ્રી પ્રજેશ રાણા, શિક્ષણ વિભાગના ઉચ્ચ અધિકારીશ્રીઓ, શિક્ષકગણ અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# USમાં વૃદ્ધો સાથે છેતરપિંડીના કેસમાં ગુજરાતીને ૭.૫ વર્ષની જેલ

(સંપૂર્ણ સમાચાર સેવા)ઈટાનગર

અમેરિકામાં પાંચ રાજ્યોમાં વૃદ્ધો સહિત ૧૧ લોકો સાથે છેતરપિંડી કરવા બદલ ૩૮ વર્ષીય ભારતીય નાગરિકને ૯૦ મહિનાની જેલની સજા ફટકારવામાં આવી છે. ન્યાયાધીશે ૨૦ લાખ ડોલરથી વધુ વળતર ચૂકવવાનો પણ આદેશ આપ્યો હતો, એમ ન્યાય વિભાગે બુધવારે એક નિવેદનમાં જણાવ્યું હતું.કોર્ટે લિગ્નેશકુમાર એચ. પટેલને વાયર ફ્રોડ અને નાણા સંસ્થાઓના નામે છેતરપિંડી કરવાના કાવતરાના એક ગુના અને વાયર ફ્રોડના બે ગુનામાં દોષી ઠેરવવામાં આવ્યો હતો. કોર્ટના દસ્તાવેજો અનુસાર લિગ્નેશકુમાર પટેલે પાંચ રાજ્યોમાં ઓછામાં ઓછા ૧૧ વૃદ્ધ પીડિતોના ઘરે જઈને તેમની કુલ આશરે ૨૨ લાખ ડોલરની સંપત્તિ ચોરી લીધી હતી.

આરોપી એક મોટા કાવતરામાં સંડોવેલો હતો.આ ફ્રોડમાં ઓછામાં ઓછા બીજા ૮૫ પીડિતો સાથે છેતરપિંડી થઈ હતી. જેમાં ૬૯ લાખ ડોલરથી વધુનું નુકસાન થયું હોવાનો અંદાજ છે.

નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા,
સંસ્થાના વિકાસલક્ષી સમાચાર,
બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું
બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ
ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.
ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો
બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com

નવસર્જન સંસ્કૃતિ
નવસર્જન સંસ્કૃતિ
એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2016/70752 Printed, Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424. Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA

### સામૂહિક જૂથ અકસ્માત વીમા યોજનાઃ સંકટ સામે સુરક્ષાનું કવચ

# હાલમાં રાજયના ૪.૧૨ કરોડથી વધુ નાગરીકોનો આ યોજનામાં સમાવેશઃ છેલ્લા પાંચ વર્ષમાં ૧૬ હજાર કરતાં વધુ લાભાર્થીઓના પરિવારજનોને અંદાજે રૂ. ૨૯૩ કરોડનું વીમા વળતર ચૂકવાયું

## અમદાવાદ વિમાન દુર્ઘટના, હરણી દુર્ઘટના જેવી વિવિધ સંકટની ઘડીમાં લભાર્થીના પરિવારોને ઝડપથી વીમા કવચની ચૂકવણી કરાઈ

જીવનની અનિશ્ચિતતાઓ સામે ગુજરાત સરકારે સંવેદનશીલતા સાથે સામૂહિક જૂથ અકસ્માત વીમા યોજના દ્વારા રાજયના લાખો પરિવારોને મજબૂત ઢાલ પૂરી પાડી છે. આ યોજના થકી રાજ્ય સરકારે સાબિત કર્યુ છે કે, સંકટની ઘડીમાં નાગરિકો એકલા નથી, પરંતુ સરકાર તેમની પડખે ઊભી છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના દિશાનિર્દેશથી રાજ્ય સરકાર દ્વારા સામૂહિક જૂથ અકસ્માત વીમા યોજના હેઠળ સંકટની ઘડીમાં પરિવારો માટે ઝડપથી વીમા કવચની ચૂકવણી કરવામાં આવી રહી છે. હાલમાં રાજ્યના ૪.૧૨ કરોડથી વધુ નાગરીકોનો આ યોજનામાં સમાવેશ કરવામાં આવ્યો છે. છેલ્લા પાંચ વર્ષમાં ૧૬ હજાર કરતાં વધુ લાભાર્થીઓના અકસ્માત-મૃત્યુના કિસ્સામાં તેમના પરિવારજનોને અંદાજે રૂ. ૨૯૩ કરોડનું વીમા વળતર ચૂકવવામાં આવ્યું છે, જે જનતા પ્રત્યે સરકારની સંવેદનશીલતા દર્શાવે છે. અત્રે ઉલ્લેખનીય છે કે, અગાઉ રાજ્ય સરકારના વિવિધ વિભાગ દ્વારા તેના હસ્તકના ખાતાના વડાઓ મારફતે જુદી જુદી અકસ્માત વીમા યોજનાઓ અમલમાં મુકવામાં આવી હતી. આ યોજનાઓનો લાભ લાભાર્થીઓને વ્યાપક રીતે મળી શકે તેમજ યોજના હેઠળના લાભ બેવડાય નહિ તે હેતુથી જુદી જુદી જૂથ અકસ્માત યોજનાઓની યુનિફોર્મ પેટર્ન નકકી કરી રાજ્ય સરકારની વીમા નિયામકની કચેરી દ્વારા સંકલિત સામૂહિક જૂથ અકસ્માત વીમા યોજના અમલી બનાવાઈ હતી. આ યોજના હેઠળ પાત્રતા ધરાવતા લાભાર્થીને વીમા કવચ મળવાથી અકસ્માત-મૃત્યુ સામે તેમના પરિવારજનોને આર્થિક રક્ષણ મળી રહ્યું છે. આ યોજના અંતર્ગત અમદાવાદ વિમાન દુર્ઘટનામાં મૃત્યુ પામેલા ૩૦થી વધુ મૃતકો સહિત ૪ મેડીકલના વિદ્યાર્થીઓના વારસદારોને ચુકવણું કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત વડોદરા ખાતે હરણી દુર્ઘટના વખતે મૃત્યુ પામેલ ૧૨ બાળકોના વારસદારોને પણ ત્વરિત ચુકવણું કરાયું હતું. તાજેતરના વર્ષોમાં મોરબી દુર્ઘટના, રાજકોટ ગેમિંગ ઝોન દુર્ઘટના, તક્ષશીલા દુર્ઘટના વખતે પણ મૃતકોના પરિવારોને આ યોજના હેઠળ વીમા કવચ રકમની ચૂકવણી કરવામાં આવી હતી.

નાણા મંત્રી શ્રી કનુભાઈ દેસાઈ અને રાજ્ય મંત્રી શ્રી કમલેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકાર દ્વારા આ યોજના અંતર્ગત વિવિધ કુદરતી હોનારતો અને અન્ય અકસ્માતોના કિસ્સામાં ઝડપી કાર્યવાહી કરીને દાવાઓનું સત્વરે નિરાકરણ લાવવામાં આવ્યું છે.

આ યોજના માત્ર આર્થિક સુરક્ષાની ખાતરી નથી, પણ સરકારની સામાજિક સુરક્ષા પ્રત્યેની પ્રતિબદ્ધતાનું સ્પષ્ટ ઉદાહરણ છે. રાજ્ય સરકારની સામુહિક જુથ અકસ્માત વીમા યોજના હેઠળ ૧૪ મહત્ત્વપૂર્ણ ક્ષેત્રોના લાખો લાભાર્થીઓ અને તેમના પરિવારોને અકસ્માત વીમા કવચ પૂરું પાડવામાં આવી રહ્યું છે. જેમાં ખેડૂત પરિવારો, અસંગઠીત શ્રમિકો, પ્રાથમિક-માધ્યમિક શાળા, કોલેજ અને ના વિદ્યાર્થીઓ, પોલીસ કર્મચારીઓ, જેલ ગાર્ડસ્, સફાઈ કામદારો, નિરાધાર વિધવાઓ, દિવ્યાંગો, હીરા ઉદ્યોગના કારીગરો તેમજ સાહસિક પ્રવૃત્તિમાં ભાગ લેતા યુવકોનો સમાવેશ થાય છે. આ ૧૪ ક્ષેત્રોમાં વિવિધ યોજનાઓ હેઠળ કુલ ૨ લાખથી ૧૫ લાખ સુધીનું વીમા કવચ મળે છે. આ વીમા કવચ સંકટની ઘડીમાં પરિવારો માટે મોટી રાહત સાબિત થઈ રહી છે. આમ, રાજ્ય સરકારે પારદર્શિતા અને ઝડપ સાથે નાગરિકોને સહાય આપીને સાબિત કર્યુ છે કે જનતાનું હિત જ સરકારની સર્વોચ્ચ પ્રાથમિકતા છે.

- ઋચા રાવલ

# જનરલ મેનેજર શ્રી વિવેક કુમાર ગુપ્તાએ વડોદરા-ગોધરા-આણંદ રેલવે સેક્શનનું કર્યું સંરક્ષા નિરીક્ષણ



પશ્ચિમ રેલવેના જનરલ મેનેજર શ્રી વિવેક કુમાર ગુપ્તાએ ૧૨ ડિસેમ્બર, ૨૦૨૫ ના રોજ વડોદરા મંડળના વડોદરા – ગોધરા – આણંદ રેલવે સેક્શન અને પ્રતાપનગર કારખાનાનું વાર્ષિક સંરક્ષા નિરીક્ષણ કર્યું. પોતાના સંરક્ષા નિરીક્ષણ દરમિયાન તેમણે વડોદરા – ગોધરા – આણંદ રેલવે સેક્શનમાં સરંક્ષા અને સુરક્ષા પરિમાણો, માળખાગત વિકાસ કામો, યાત્રી સુવિધાઓ, કર્મચારીઓ માટે ઉપલબ્ધ સુવિધાઓ તથા અન્ય પ્રગતિ કામોનું વિગતવાર મૂલ્યાંકન કર્યું. આણંદ સ્ટેશન પર જનરલ મેનેજરે આણંદના માનનીય ધારાસભ્ય શ્રી યોગેશ પટેલજી અને ડાકોર સ્ટેશન પર ઠાસરાના માનનીય ધારાસભ્ય શ્રી યોગેન્દ્ર સિંહ પરમારજી સાથે મુલાકાત કરી અને તેમને મંડળના વિકાસ કામો અને યાત્રી સુવિધાઓની માહિતી આપી.

જનરલ મેનેજરની સાથે વિવિધ વિભાગોના મુખ્ય અધિકારીઓ, વડોદરા મંડળના મંડળ રેલવે મેનેજર શ્રી રાજૂ ભડકે, અન્ય સિનિયર અધિકારીઓ અને કર્મચારીઓ પણ ઉપસ્થિત રહ્યા.

પોતાના વાર્ષિક સંરક્ષા નિરીક્ષણ દરમિયાન શ્રી ગુપ્તાએ રોડ અંડર બ્રિજ, મહત્વપૂર્ણ મોટા અને નાના પુલો, સેક્શનલ સ્પીડ ટ્રાયલ, પોઈન્ટ અને ક્રોસિંગ, લેવલ ક્રોસિંગ સહિત વિવિધ સંરક્ષા તત્વોનું વિસ્તારપૂર્વક નિરીક્ષણ કર્યું. તેમણે વડોદરા, ગોધરા, ડેરોલ અને ડાકોર સ્ટેશન પર યાત્રી પ્રતીક્ષાલય, ટિકિટ બુકિંગ સુવિધા, ચોખ્ખું પીવાનું પાણી, ફુટ ઓવર બ્રિજ વગેરે ઉપલબ્ધ યાત્રી સુવિધાઓની પણ વિગતવાર સમીક્ષા કરી.

છાયાપુરી યાર્ડમાં જનરલ મેનેજર શ્રી ગુપ્તાએ પોઈન્ટ અને ક્રોસિંગ તેમજ એન્જિનિયરીંગ, ટ્રેક્શન, સિગ્નલિંગ અને ટેલિકોમ્યુનિકેશન ગેન્ગનું નિરીક્ષણ કર્યુ અને રેલવે કર્મચારીઓથી સંરક્ષાને પ્રાથમિકતા આપવા જણાવ્યું. તેમણે છાયાપુરી--ડેરોલ સેક્શન વચ્ચે સ્પીડ ટ્રાયલનું નિરીક્ષણ પણ કર્યું.

ગોધરામાં શ્રી ગુપ્તાએ રેલવે સ્ટેશન સિવાય રેલવે કોલોની, ગાર્ડ અને ડ્રાઈવરોના રનિંગ રૂમ, RPF બેરેકનું નિરીક્ષણ કર્યું. ગોધરા – આણંદ સેક્શન પર તેમણે મહત્વપૂર્ણ મોટા અને નાના પુલો તથા વળાંકોની સાથે-સાથે ડેરોલ – ખરસાલિયા અને ઉમરેઠ – આણંદ સેક્શન પર લેવલ ક્રોસિંગ ગેટનું નિરીક્ષણ કર્યું.

શ્રી ગુપ્તાએ પોતાની મુલાકાત દરમિયાન ડેરોલ અને ગોધરામાં વિવિધ વિભાગોની સિદ્ધિઓને દર્શાવતા પ્રદર્શનોનું અવલોકન પણ કર્યું અને મંડળની સિદ્ધિઓ અને અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ વડોદરા મંડળ દ્વારા કરવામાં આવી રહેલા વિકાસ કામોની પ્રશંસા કરી. ડેરોલ, ગોધરા અને ડાકોરમાં શ્રી ગુપ્તાએ રેલવે કોલોનીનું નિરીક્ષણ કર્યુ અને રેલવે કર્મચારીઓને ગોધરા અને ડાકોર રેલવે કોલોનીમાં તેમના નવા નિવાસની ચાવીનું વિતરણ પણ કર્યું.

જનરલ મેનેજરે યાત્રી સુરક્ષાને સર્વોચ્ચ પ્રાથમિકતા જણાવતાં સંબંધિત અધિકારીઓને ટ્રેક, લેવલ ક્રોસિંગ તથા અન્ય સંરક્ષા પરિમાણોની વિગતવાર સમીક્ષા કરી આવશ્યક સલાહ-સૂચનો આપ્યા, જેથી ટ્રેન સેવાઓ વધુ સુરક્ષિત, વિશ્વાસપાત્ર રીતે અને સમયસર સંચાલિત કરાવી શકાય.

### ખેડા જિલ્લાના કર્મયોગીઓએ આપ્યું સામૂહિક પ્રતિબદ્ધતાનું ઉત્તમ ઉદાહરણ

# “ગામનો નિર્ધાર, સહકારથી સાકાર” અભિયાનમાં જિલ્લાના ૨૫૦૦૦થી વધુ કર્મયોગીઓ જોડાયા

## પરિવારના જન્મદિવસ, લગ્ન પ્રસંગ તેમજ વિવિધ શુભ પ્રસંગો પર આ કર્મયોગીઓ બનશે પોષણમિત્ર

ખેડા જિલ્લામાં કુપોષણ નાબૂદી તરફ મક્કમ દિશામાં આગળ વધવા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા અમૂલ ડેરીના સહયોગ સાથે “ગામનો નિર્ધાર, સહકારથી સાકાર” અભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો છે. માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીના “સહી પોષણ, દેશ રોશન” સંકલ્પને કેન્દ્રમાં રાખીને શરૂ કરાયેલા રાષ્ટ્રીય પોષણ અભિયાનને ખેડા જિલ્લામાં જનઆંદોલનનું સ્વરૂપ આપવામાં આવી રહ્યું છે, જેને મૂળ હેતુ તરીકે બાળકો અને માતાઓના પોષણ સ્તરમાં સર્વાંગી સુધારાને નિર્ધારવામાં આવ્યો છે.

ખેડા જિલ્લાના અધિકારીશ્રીઓ અને કર્મચારીઓને અભિયાનમાં જોડાવા જિલ્લા વહીવટી તંત્રની અપીલ

ગઈ કાલે ખેડા જિલ્લામાં ફરજ બજાવતા તમામ સરકારી અધિકારીશ્રી તથા કર્મચારીશ્રીઓને આ અભિયાનમાં ભાગ લેવા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા અપીલ કરવામાં આવી હતી. સાથે જ, નૈતિક ફરજ અને કર્મભૂમિ પ્રત્યેના ઋણસ્વરૂપે આ અભિયાનમાં જોડાવા પ્રેરણા આપવામાં આવી હતી.

જિલ્લા તંત્રએ અધિકારીઓ અને કર્મચારીઓને તેમના તાબામાં આવતા તમામ કચેરીઓના સ્ટાફને પણ સાથે જોડાવવા સૂચના આપી હતી, જેથી “સહભાગિતા સંમતિ પત્ર” દ્વારા અભિયાનમાં સક્રિય સહભાગિતા નોંધાઈ શકે.

ગઈકાલથી ત્રણ દિવસ માટે લિંક લાઈવ રાખવામાં આવી છે. પ્રથમ તબક્કામાં માત્ર ખેડા જિલ્લાના અધિકારી અને કર્મચારીઓ માટે આ લિંક ખુલ્લી રાખવામાં આવી છે, જ્યારે બીજા તબક્કામાં આ વ્યવસ્થા નાગરિકો માટે પણ શરૂ કરવામાં આવશે.

સરદાર સાહેબની ૧૫૦મી જન્મજયંતિ નિમિત્તે પોષણમિત્ર બનવાનો સંકલ્પ

દેશના લોખંડી પુરુષ, સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિના પાવન અવસરે, તેમની જન્મભૂમિ ખેડા જિલ્લાના અધિકારીશ્રી તથા કર્મચારીશ્રીઓએ જિલ્લા કોઈપણ બાળક કુપોષિત ન રહે તેવા પવિત્ર સંકલ્પ સાથે “પોષણમિત્ર” થવાની પ્રતિજ્ઞા વ્યક્ત કરી છે.

૨૫ હજારથી વધુ અધિકારી અને કર્મચારીઓની ભાવનાત્મક સહભાગિતા

ગઈકાલથી આજે બપોરે ૩ વાગ્યા સુધીમાં ખેડા જિલ્લાના સરકારશ્રી સાથે જોડાયેલા ૨૫,૦૦૦ થી વધુ અધિકારી અને કર્મચારીઓ અભિયાનમાં હૃદયપૂર્વક જોડાયા છે.

તેમણે શ્રદ્ધા અને લાગણીના ભાગરૂપે પોતાના પરિવારના જન્મદિવસ, લગ્ન પ્રસંગ તેમજ વિવિધ શુભ પ્રસંગો પર પોષણમિત્ર બની બાળકોના ઉત્તમ પોષણ માટે યોગદાન આપવા અનોખો સંકલ્પ કર્યો છે.

આ અભિયાન દ્વારા ખેડા જિલ્લાને કુપોષણ મુક્ત બનાવવા માટે સામૂહિક પ્રતિબદ્ધતાનું ઉત્તમ ઉદાહરણ સદરહુ પ્રસ્થાપિત થયું છે.

જિલ્લા વહીવટી તંત્ર અને અમૂલ ડેરીનો આ સંયુક્ત પ્રયાસ ખેડા જિલ્લામાં પોષણક્ષેત્રે નવો માપદંડ સ્થાપિત કરશે. અધિકારીશ્રી, કર્મચારીઓ અને આગલા તબક્કામાં નાગરિકોની સક્રિય ભાગીદારી વડે “ગામનો નિર્ધાર, સહકારથી સાકાર” અભિયાન ખેડા જિલ્લામાં સર્વાંગી વિકાસનું દિશાનેખન બનશે.

# અમદાવાદ-તિરૂચિરાપલ્લી અઠવાડિક એક્સપ્રેસ પરિવર્તિત માર્ગથી ચાલશે

દક્ષિણ રેલવેના ચેન્નાઈ એગ્મોર સ્ટેશન પર પુનઃવિકાસ કામ હેઠળ પ્લેટફોર્મ નંબર ૫ અને ૬ પર કરવામાં આવી રહેલા કામોને લીધે ૬૦ દિવસોનો બ્લૉક લેવામાં આવ્યો છે, જેના કારણે અમદાવાદ-તિરૂચિરાપલ્લી અઠવાડિક એક્સપ્રેસ સ્પેશિયલ ટ્રેન પરિવર્તિત માર્ગથી ચાલશે. જેની વિગતો નીચે મુજબ છે :-

ટ્રેન નંબર ૦૯૪૧૯ અમદાવાદ-તિરૂચિરાપલ્લી અઠવાડિક એક્સપ્રેસ સ્પેશિયલ ૧૮ ડિસેમ્બર ૨૦૨૫ થી ૨૯ જાન્યુઆરી ૨૦૨૬ સુધી પરિવર્તિત માર્ગ વાયા રેનિગુંટા-અરક્કોણમ નૉર્થ કેબિન-મેલપક્કમ-કાટપાડી-વેલૂર કેન્ટ-વિલ્લુપુરમના રસ્તે ચાલશે.

આ દરમિયાન આ ટ્રેન અરક્કોણમ,પેરમ્બૂર, ચેન્નાઈ એગ્મોર, તામ્બરમ અને ચેંગલપટ્ટૂ સ્ટેશનો પર નહીં જાય.

ટ્રેન નંબર ૦૯૪૨૦ તિરૂચિરાપલ્લી-અમદાવાદ અઠવાડિક સ્પેશિયલ ૨૧ ડિસેમ્બર ૨૦૨૫ થી ૦૨ ફેબ્રુઆરી ૨૦૨૬ સુધી પરિવર્તિત માર્ગ વાયા વેલૂર કેન્ટ-કાટપાડી-મેલપક્કમ-અરક્કોણમ નૉર્થ કેબિન-રેનિગુંટાના રસ્તે ચાલશે.

આ દરમિયાન આ ટ્રેન ચેંગલપટ્ટૂ-તામ્બરમ અને ચેન્નાઈ એગ્મોર, પેરમ્બૂર, અરક્કોણમ સ્ટેશનો પર નહીં જાય. માર્ગ પરિવર્તન દરમિયાન આ ટ્રેનને તિરૂત્તાણિ સ્ટેશન પર વધારાનું સ્ટોપેજ આપવામાં આવ્યું છે. ટ્રેનોના રોકાણ, માર્ગ અને સંરચના વિશે વિગતવાર માહિતી માટે યાત્રી કૃપા કરીને www.enquiry.indianrail.gov.in પર જઈને અવલોકન કરી શકે છે.

# સસ્તા સોનાના નામે ગાંધીનગરના વેપારી સાથે રૂ. ૨.૧૦ કરોડની ઠગાઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)આણંદ

હાલ ગાંધીનગર રહેતા અને સોનું પહેરવાના શોખીન એવા મૂળ ચૈન્નાઈ નજીક રાયપુરમના વેપારીને આણંદના નાપાની ઠગ ટોળીએ સસ્તા ભાવે સોનું આપવાના બહાને કુલ ૨.૧૦ કરોડની માતબર રકમ પડાવી લીધાની ફરિયાદ નોંધાઈ છે. નાપામાં ફાર્મ હાઉસ ખાતે બોલાવીને ચામાં ઘેનયુક્ત પદાર્થ ભેળવીને બેભાન કરી ઠગ ટોળકી ફરાર થઈ જતાં બોરસદ રૂરલ પોલીસે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

ગાંધીનગર ખાતે રહેતા મુકેશ સુબ્રમણ્યમ નાયડુ અનંત એજ્યુકેશન નામથી એડમીશન કેરિયર કાઉન્સીલ ચલાવતા હતા. ત્રણેક વર્ષ પહેલા સીલ્વર ઓક યુનિવર્સિટી, ગોતા, અમદાવાદ ખાતે કચ્છ ખાતે રહેતા મહેન્દ્રસિંહ રાજપુત સાથે ઓળખાણ થઈ હતી. મુકેશભાઈને સોનું પહેરવાનો શોખ હોય, મહેન્દ્રસિંહે નાપા ખાતે રાજુભાઈ પટેલ નામનો મારો મિત્ર છે, તેમનો વર્ષોથી સોનાનો ધંધો છે, જેઓ સસ્તા ભાવે સોનું આપશે તેમ જણાવીને વિશ્વાસમાં લીધા હતા.ગત ઓકટોબર મહિનામાં મુકેશ નાયડુએ નવું ઘર લેવા માટે રુ. ૪૯ લાખની લોન લીધી હતી. જેમાંથી થોડા રુપિયા વધ્યા હતા. એટલે આ નાણાં સોનામાં રોકવાનું તેમણે વિચાર્યુ.ઓક્ટમ્બર-૨૫મા મકાન લેવા માટે ૪૯ લાખની લોન લીઘી હતી.

તેમાંથી થોડા પૈસા વધતા સોનું લેવાની ઈચ્છા થતાં ગત તારીખ ૧૯-૧૦- ૨૫ના રોજ રાજુભાઈનો સંપર્ક કરતા તેણે ૧૦૦ ગ્રામ સોનાનો બીસ્કીટનો ૧૨.૨૫ લાખ થસે તેમ જણાવ્યું હતુ. જેથી તેઓ નાપા ખાતે આવ્યા હતા અને સોનાનુ બીસ્કીટ ખરીદ્યું હતુ. ત્યારબાદ અવારનવાર સોનાના બિસ્કીટ માટે બોલાવીને પાંચ લાખ ટોકન લઈને અગાઉ આપેલા પૈસા બચાવવા હોય અને સોનું જોઈતુ હોય તો વધુ રકમ આપીને સોદો કરવો પડશે. આમ જણાવીને મુકેશભાઈ નાયડુ પાસેથી જુદા-જુદા આંગડીયા પેઢી પાસેથી ૮૫ લાખ ટ્રાન્સફર કરાવી લીઘા હતા. ત્યારબાદ બાકીના ૨૮ લાખ માટે તારીખ ૨૨-૧૧- ૨૦૨૫ના રોજ મુકેશભાઈ અને તેમની પત્નીને નાપા ગામે આવેલા એક ફાર્મ હાઉસમાં બોલાવ્યા હતા. જ્યાં ચાચા નામના વ્યક્તિએ મુબઈની પાર્ટીની ઓળખ આપીને ૨૮ લાખ લઈ લીઘા હતા અને ૬૦૦ ગ્રામ સોનાના બીસ્કીટ આપવાનું નાટક કર્યુ હતુ.

ત્યારબાદ દંપતીને ચામાં ઘેની પદાર્થ પીવડાવી દેતાં બન્ને બેભાન થઈ ગયા હતા.એ સાથે જ તમામ ત્યાંથી ફરાર થઈ ગયા હતા. ભાનમાં આવ્યા ત્યારે ત્યાં હાજર શખ્સોએ પોલીસની ખોટી ઓળખ આપીને રેઈડ પડી છે તેમ જણાવીને દંપતીને ડરાવીને ધમકાવીને ત્યાંથી ભગાડી મુક્યા હતા. મુકેશભાઈએ સોનું કે પૈસાની માંગણી કરતા જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી.

મહેન્દ્રસિંહે બે વખત ૫૦- ૫૦ હજાર રૂપિયા ગુગલ પે થી મેળવી લીઘા હતા. આ અંગે મુકેશભાઈએ બોરસદ રૂરલ પોલીસમથકે આવીને ફરિયાદ આપતાં પોલીસે ગુનો દાખલ કરીને વધુ તપાસ આણંદ એલસીબીનો સોંપવામાં આવી છે. જ્યાં પોલીસે ગુનો દાખલ કરીને તમામને ઝડપી પાડવાના ચક્રો ગતિમાન કર્યા છે.

### બાંગ્લાદેશી ઘૂસણખોર દ્વારા પોલ પટ્ટી ખુલી

# રાયબરેલી જિલ્લામાં મોટું દસ્તાવેજ છેતરપિંડીનું રેકેટ સામે આવ્યું

## રાયબરેલીમાં ૫૨૦૦૦થી વધુ જન્મ પ્રમાણપત્ર રદ થશે

(સંપૂર્ણ સમાચાર સેવા)રાયબરેલી

ઉત્તર પ્રદેશના રાયબરેલી જિલ્લામાં એક મોટું દસ્તાવેજ છેતરપિંડીનું રેકેટ સામે આવ્યું છે. નેશનલ ઈન્વેસ્ટીગેશન એજન્સી (NIA) દ્વારા ગેરકાયદે બાંગ્લાદેશી ઈમિગ્રન્ટ્સની તપાસ દરમિયાન પોલ ખૂલ્યા બાદ, જિલ્લા વહીવટીતંત્રે સલોન ડેવલપમેન્ટ બ્લોકની ૧૨ ગ્રામ પંચાયતોમાં કથિત રીતે જાહેર કરાયેલા ૫૨,૮૪૬ નકલી જન્મ પ્રમાણપત્રો રદ કરવા માટે ઝુંબેશ શરૂ કરી છે. અહેવાલો અનુસાર, આ મોટા પાયે દસ્તાવેજ છેતરપિંડીનો મામલો જુલાઈ ૨૦૨૪માં ત્યારે પ્રકાશમાં આવ્યો, જ્યારે NIAએ બેંગલુરુથી ગેરકાયદે બાંગ્લાદેશી ઈમિગ્રન્ટ ઝાકીરની ધરપકડ કરી. ઝાકીર પાસેથી સલોન બ્લોકના એક ગામનું નકલી જન્મ પ્રમાણપત્ર મળી આવ્યું હતું. એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે આ મોટા પાયે છેતરપિંડી રાષ્ટ્રીય સુરક્ષા માટે ગંભીર ખતરો છે. રાયબરેલીમાં શરૂ કરાયેલી આ કાર્યવાહી રાજ્યના વ્યાપક ચકાસણી અભિયાનનો એક ભાગ છે, જેનો હેતુ ગેરકાયદે વિદેશી નાગરિકો અને ઓળખ છેતરપિંડી નેટવર્ક્સને નિશાન બનાવવાનો છે. મુખ્ય વિકાસ અધિકારી (CDO) અંજુલતાએ પુષ્ટિ કરી કે રદ કરવાની પ્રક્રિયા સત્તાવાર રીતે શરૂ થઈ ગઈ છે. છેલ્લા ત્રણ દિવસમાં ૮૭૮થી વધુ નકલી પ્રમાણપત્રો રદ કરવામાં આવ્યા છે. વિકાસ ભવન ખાતે ૧૦ સભ્યોની ચકાસણી ટીમ તહેનાત કરવામાં આવી છે, જ્યાં ખાસ કેન્દ્રમાં પ્રમાણપત્રો રદ કરવાની પ્રક્રિયા ચાલી રહી છે.

ડીપીઆરઓ સૌમ્ય શીલ સિંહે કહ્યું હતું કે ’અસરગ્રસ્ત ગામોમાં દલહેપુર, નૂરુદ્દીનપુર, પૃથ્વીપુર, સંદા સૈદાન, માધોપુર નાનીયા, લાહુરેપુર, સિરસિરા, ગાડી ઈસ્લામ નગર, અવનીશ, ગોપાલ અનંતપુર અને દુભાનનો સમાવેશ થાય છે.

એકલા દલહેપુરમાં ૧૩,૭૦૭ નકલી પ્રમાણપત્રો હતા, ત્યારબાદ નૂરુદ્દીનપુર (૧૦,૧૫૧) અને પૃથ્વીપુર (૯,૩૯૩) છે.’

# ગુજરાતના વધુ એક ગંભીરાબ્રિજ જેવી ઘટના સર્જાઈ: વલસાડમાં નિર્માણધીન બ્રિજનો સ્લેબ ધરાશાયી

## ઓરંગા નદી પર બંધાતા પુલની દુર્ઘટના વિશે અપાયા તપાસના આદેશ : બેદરકારી બહાર આવશે તો કોન્ટ્રાકટર વિરૂધ્ધ કડક પગલા

પ્રતિનિધિ,ગાંધીનગર




રોડ રસ્તા પુલના નબળા બાંધકામ અને ભ્રષ્ટાચારનો વખતો વખત ઉહાપોહ થાય છે. થોડા મહિના અગાઉ જ ગંભીરાબ્રિજ દુર્ઘટના સર્જાયા બાદ ફરી આજે વલસાડમાં ઔરંગા નદી પર નિર્માણધીન બ્રિજનો સ્લેબ ધસી પડતા વધુ એક પુલ દુર્ઘટના સર્જાઈ હતી. પુલનો સ્લેબ ધસી પડતા ૫ મજુરો કાટમાળ હેઠળ દટાયા હતા. બચાવ રાહત ટીમોએ તત્કાલ રેસ્કયુ ઓપરેશન હાથ ધરીને ઈજાગ્રસ્ત હાલતમાં લોકોને સારવાર માટે હોસ્પીટલ ખસેડવામાં આવ્યા હતા.

વલસાડના કૈલાશ રોડ પર ઔરંગા નદી પરના પુલનુ નવનિર્માણ કાર્ય ચાલી રહ્યુ હતુ, ત્યારે બે પીલ્લર વચ્ચેના ભાગો બનાવવા બાંધેલો સ્લેબ ધડાકાભેર તુટી પડયો હતો. પ્રત્યેક્ષ દર્શીઓના કહેવા પ્રમાણે સવારે ૯ વાગ્યાના અરસામાં આ દુર્ઘટના બની હતી અને ત્યારે પ્રચંડ ધડાકા જેવો અવાજ થયો હતો. વલસાડ જિલ્લા પોલીસવડા યુવરાજસિંહ જાડેજાએ ગરવી ગુજરાત સાથેની ટેલીફોનીક વાતચીતમાં જણાવ્યુ હતુ કે આજે શુક્રવારે સવારે ૯:૧૫ વાગ્યા ના અરસામાં ઔરંગા નદી પર બની રહેલા ઓવરબ્રિજ માટે ગડર મુકવામાં આવ્યો હતો. જેના લેવલીંગના કામ દરમિયાન સ્ટ્રક્ચરનો એક ભાગ સ્લીપ થઈ ગયો હતો. અહીં કામ કરી રહેલા ૫ મજુરોને રેસ્કયુ કરીને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. જયાં તેમની તબિયત સારી હોવાનુ તબીબોએ જણાવ્યુ છે. દુર્ઘટના કેમ ઘટી તે અંગે વિગતવાર તપાસ કરાવીશુ તેવુ તેમણે જણાવ્યુ હતું. વધુમાં પોલીસવડાએ જણાવ્યુ હતુ કે હાલ આ ઘટના અંગે જાણવાજોગ ફરીયાદ લેવાની તજવીજ ચાલુ છે. ત્યારબાદ આ દુર્ઘટના કેમ ઘટી તે અંગે વિગતવાર તપાસ હાથ ધરવામાં આવશે. અત્યારે કાટમાળ હટાવવાની કામગીરી પુરજોશમાં ચાલુ છે. જયારે ટ્રાફીક પણ ડાયવર્ટ કરવામાં આવ્યો છે. જેથી અન્ય રાહદારીઓને હાલાકી ઉભી ન થાય.

પ્રાંત અધિકારી વિમલ પટેલે ગરવી ગુજરાત સાથેની વાતચીતમાં જણાવ્યુ હતુ કે ઔરંગા નદી પરના નિર્માણધીન બ્રિજના ગડરમાં નુકશાની સર્જાતા આ અકસ્માત થયો હતો. આ દુર્ઘટનામાં સદનસીબે કોઈ મોત થયુ નથી. ૫ લોકોને ઈજાઓ પહોચી છે જે સારવાર હેઠળ છે, ક્ષતિ કયા રહી એ તપાસ કરીશુ, જો કોન્ટ્રાકટરની બેદરકારી બહાર આવશે કડકમાં કડક પગલા લેવામાં આવશે. ફાયર બ્રિગેડના સુત્રોએ કહ્યુ હતુ કે ૯ વાગીને ૨૦ મીનીટે અમને કોલ મળ્યો હતો, કોલ મળતા ટીમ રવાના થઈ હતી અને ચારેક શ્રમિકોને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. પ્રત્યેકદર્શી બિપેન્દ્ર ચૌરસીયાએ જણાવ્યુ હતુ કે હું અહી સ્મશાનભુમિએ આવ્યો હતો એકદમ જોરદાર અવાજ આવ્યો ને પબ્લીક ભેગી થઈ ગઈ, બાદમાં અમે ૧૦૮ અને પોલીસને જાણ કરી, દુર્ઘટના ઘટતા અહીં ખુબ જ પબ્લીક ભેગી થઈ જતા ફુલ ટ્રાફીકજામ થઈ ગયો હતો. બ્રિજમાં સળીયા નાખવાનુ કામકાજ ચાલુ હતુ, અનબેલેન્સ થતા આ પડી ગયો હોવાનુ દેખાય છે, હું સામે જ ઉભો હતો એકદમ જાણે કે ભુકંપ આવ્યો હોય એવો ઘડાકાભેર અવાજ આવ્યો હતો. પીલ્લર માટીમાં દબાઈ ગયો કે અનબેલેન્સ થયુ હોય એવુ લાગી આવે છે. એક માણસ તો બરાબરનો ફસાઈ ગયો હતો અમે એને ખેંચીને બહાર કાઢયો હતો.

## ટ્રેનમાંથી પડતા પતિના મોત બાદ રેલવેએ મહિલાને શોધીને ૨૩ વર્ષે વળતર આપ્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

સુપ્રીમ કોર્ટના આકરા વલણ બાદ અકસ્માતમાં પતિ ગુમાવનારી વિધવાને શોધીને રેલવે દ્વારા રૂ.૯ લાખનું વળતર આપવામાં આવ્યું છે. વર્ષ ૨૦૨૨માં ભાગલપુર-દાનપુર ઈન્ટરસિટી એક્સપ્રેસમાંથી અકસ્માતે પડી જતાં મહિલાના પતિનું મોત થયું હતું.

આ મામલે વિધવાએ વળતર માટે અરજી કરી હતી, પરંતુ રેલવે ટ્રિબ્યુનલ અને પટણા હાઈકોર્ટમાંથી નિરાશા સાંપડી હતી. સુપ્રીમ કોર્ટે મહિલાની તરફેણમાં ચુકાદો આપી રૂ.૮.૯૨ લાખ વળતર ચૂકવવા રેલવેને આદેશ આપ્યો હતો.

રેલવે દ્વારા મહિલાને વળતરના નાણાં ચૂકવાયાં હોવાની રજૂઆત સંદર્ભે સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ સૂર્યકાંતે નોંધ્યુ હતું કે, ગરીબ વ્યક્તિના ચહેરા પરનું સ્મિત આપણા માટે સાચું વળતર છે, અન્ય કોઈ અપેક્ષા નથી. બેન્ચના અન્ય જજ જોયમલય બાગચીએ કહ્યું હતું કે, ઉંમરલાયક મહિલાને શોધવાનું કામ ખૂબ અઘરુ હતું. મહિલાએ પોતાનું ઘર બદલ્યુ હતું અને બિહારના અંતરિયાળ ગામમાં રહેવા જતી રહી હતી. મહિલાના અગાઉના વકીલનું નિધન થઈ જતાં છેલ્લું સંપર્ક સૂત્ર પણ છીનવાઈ ગયુ હતું. રેલવે વિભાગ અને કોઈ પણ ફી લીધા વગર વિધવા માટે પ્રતિનિધિત્વ કરનારા એડવોકેટ ફૌજિયા શકિલની સુપ્રીમ કોર્ટે પ્રશંસા કરી હતી. કોર્ટે નોંધ્યુ હતું કે, મહિલાને ૨૩ વર્ષ બાદ મળનારું વળતર સુનિશ્ચિત થાય તે માટે એડવોકેટે નિઃશુલ્ક સેવા આપી હતી. સ્થાનિક પોલીસ, વહીવટીતંત્રની મદદથી તેણે મહિલાનું હાલનું સરનામુ શોધ્યુ હતું અને રેલવેએ વળતર આપ્યું હતુ. કોર્ટે વિધવા અરજદારને શોધવા માટે ૬ ઓક્ટોબરે રેલવેને નિર્દેશ આપ્યા હતા. જેના પગલે રેલવેએ પોતાના કર્મચારીને મોકલી મહિલાના પાન કાર્ડ, આધારકાર્ડ જેવી વિગતો મેળવી ૧૩ નવેમ્બરે બેંક ખાતામાં વળતરના રૂ.૮,૯૨,૯૫૩ જમા કરાવ્યા હતા.

# હિંમતનગર સહિત સમગ્ર તાલુકો હુડાના વિરોધમાં સજજડ બંધ પળાયો ખેડુતોને નુકશાન ન થાય તે માટે મુખ્યમંત્રી-નાયબ મુખ્યમંત્રી ઉકેલ શોધી રહ્યા છે : જિલ્લા ભાજપ પ્રમુખ

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

સાબરકાંઠા જિલ્લાના મુખ્યમથક હિંમતનગર આજુબાજુના ૧૧ ગામડાઓનો હુડા (હિંમતનગર અર્બન ડેવલપમેન્ટ ઓથોરીટી) માં સમાવેશ કરવામાં આવ્યો છે. જેના વિરોધમાં ૧૧ ગામડાની સંકલન સમિતિ દ્વારા આજે તારીખ ૧૨ મી ને શુક્રવારના રોજ હિંમતનગર સહિત સમગ્ર તાલુકા વિસ્તારમાં બંધનુ એલાન આપવામાં આવ્યુ હતુ,





આ બંધના કારણે શહેરના ટાવર ચોક, જુના બજાર તેમજ ભાજપનો ગઢ ગણાતા મહાવીરનગર વિસ્તારની મોટા ભાગની દુકાનો સંપૂર્ણ બંધ રહેવા પામી હતી, તેમજ એપીએમસી (માર્કેટયાર્ડ, શાક માર્કેટ સહિત તમામ બંધ રહેવા પામ્યા હતા. આ બંધમાં શહેરના તમામ સંગઠન જેવા કે કાપડ મહાજન, કરીયાણા બજાર તેમજ વેપારી સંગઠન તમામે હુડાના વિરોધમાં ટેકો જાહેર કરતા શહેરના દુર્ગા બજાર, નવા બજાર અને જુના બજાર સુમસામ ભાસી રહ્યો હતો. મોટા ભાગે બંધના સમાચારો અગાઉ થી સોશીયલ મીડીયામાં વાયરલ થયા હતા જેને લઈ હિંમતનગર આજુબાજુના ગામડાઓમાંથી ખરીદી કરવા આવતા લોકો આવી શકયા ન હતા. સરકાર દ્વારા હિંમતનગર આજુબાજુના ૧૧ ગામોનો હુડામાં સમાવેશ કરી તેનો ડ્રાફટ પ્લાન રજુ થયા બાદ થી જ આ ૧૧ ગામોના ખેડુતો દ્વારા હુડા રદ કરવાની માંગ સાથે છેલ્લા ૯૫ દિવસથી વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. આ અંગે સરકારમાં વારંવાર રજુઆતો કરવા છતાં કોઈ ફળીભુત પરીણામ ન આવતા અંતે ૧૧ ગામ પ્રભાવિત ખેડુતોએ નાછુટકે આજે તારીખ ૧૨ મી ને શુક્રવારના રોજ બંધનુ એલાન આપ્યુ હતું. આજે શુક્રવારે સવાર થી જ શહેરના સહકારી જીન, મહાવીનગર, ખેડ તસીયા રોડ, નવા બજાર, જુના બજાર, ગાંધી રોડ, ન્યાય મંદિર, મહેતાપુરા, આરટીઓ, પાણપુર પાટીયા, મોતીપુરા સહિતના વિસ્તારો સજજડ બંધ રહેવા પામ્યા હતા. આ અંગે હિંમતનગર ધારાસભ્ય વી ડી ઝાલાની પ્રતિક્રિયા જાણવાનો પ્રયાસ કરતા તેઓએ ફોન રીસીવ કર્યો ન હતો. તો બીજી તરફ જિલ્લા ભાજપ પ્રમુખ કનુભાઈ પટેલે ગરવી ગુજરાત સાથેની ટેલીફોનીક વાતચીતમાં જણાવ્યુ હતુ કે હુડા પ્રભાવિત ૧૧ ગામના ખેડુતોને નુકશાન ન થાય તે માટે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી તેમજ સંગઠનને રજુઆત કરવામાં આવી હોવાનુ જણાવ્યુ હતું. વધુમાં પ્રમુખે જણાવ્યુ હતુ કે સરકાર દ્વારા ઉકેલ શોધવા માટેના પ્રયાસો ચાલુ છે સરકાર દ્વારા ખેડુતોને નુકશાન ન થાય તે માટે હાલમાં સરકારમાં ચર્ચા વિચારણા ચાલી રહી છે. હિંમતનગર સહિત તાલુકા વિસ્તારમાં બંધના એલાનને લઈ જિલ્લા પોલીસવડા ડો. પાર્થરાજસિંહ ના માર્ગદર્શન હેઠળ ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

# કેન્દ્રમાં ડેપ્યુટેશનની મુદત તત્કાલ રદઃ ૨ આઈએએસ અધિકારીઓની ગુજરાત કેડરમાં વાપસી

## સંધ્યા ભુલ્લર અને લોચન સેહરાને ફરી ગુજરાત કેડરમાં મોકલાયા : ગુજરાત કેડરના ૨ આઈએએસ અધિકારીઓનુ કેન્દ્ર દ્વારા તાત્કાલીક અસરથી ડેપ્યુટેશન રદ કરી ગુજરાત કેડરમાં મોકલી દેવાયા

પ્રતિનિધિ,ગાંધીનગર





કેન્દ્રમાં વર્ષ ૨૦૧૪ માં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વડપણ હેઠળ ભાજપ પ્રેરીત એનડીએ ગઠબંધનની સરકાર બન્યા બાદ ગુજરાતના અનેક આઈપીએસ અને આઈએએસ અધિકારીઓને ડેપ્યુટેશન પર દિલ્હી લઈ જવામાં આવ્યા હતા. કેન્દ્રના અલગ અલગ વિભાગો અને મહત્વપૂર્ણ પ્રોજેકટમાં મોટી જવાબદારીઓ સોંપવામાં આવી હતી. દરમિયાન કેન્દ્ર સરકારના ઉદ્યોગ અને વેપાર પ્રમોશન વિભાગના જોઈન્ટ સેક્રેટરી સંધ્યા ભુલ્લર અને ભારતના સ્પેસ સેકટર ના મહત્વપૂર્ણ વિભાગના ઈન સ્પેસ ના જોઈન્ટ સેક્રેટરી લોચન સેહરાને કેન્દ્રમાં ડેપ્યુટેશનની મુદત તાત્કાલીક અસરથી પુર્ણ કરી ફરી ગુજરાત કેડરમાં મોકલી આપ્યા છે. રાજય સરકાર દ્વારા આગામી દિવસોમાં આ બંને સનદી અધિકારીઓને ચાર્જ સોંપવામાં આવશે.

### મીડીયા-રાજકારણ જય-વીરૂ ની દોસ્તી જેવુઃ નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી

# ભારતકુલ કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલનુ સંબોધનઃ ૨૦૨૫નુ વર્ષ ભારતના ગૌરવને ઉજાગર કરવાનુ વર્ષ છેઃ મુખ્યમંત્રી

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

ગુજરાત યુનિર્વસિટી ખાતે ભારતકુલ નુ આયોજન કરવામાં આવ્યુ હતુ આ કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી અને બીએપીએસ ના બ્રહ્મ વિહારી સ્વામી ઉપસ્થિત રહ્યા હતા. ગુજરાત મીડીયા કલબ દ્વારા ભારતકુલ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ આજે તારીખ ૧૨ મી થી ૩ દિવસ સુધી ચાલશે, ભાવ, રંગ અને તાલના ફેસ્ટીવલ એટલે ભારતકુલ કાર્યક્રમ.




રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે આ કાર્યક્રમના પ્રથમ દિવસે સંબોધન કરતા કહ્યુ હતુ કે ૨૦૨૫ નુ વર્ષ ભારતના ગૌરવને ઉજાગર કરવાનુ વર્ષ છે. આપણે સાથે મળીને વિકસિત ભારત બનાવીશુ, વધુમાં તેમણે કહ્યુ હતુ કે આપણે જીવનમાં હંમેશા પોઝીટીવ રહેવુ જોઈએ, જેટલા વધુ પ્રશ્નો પુછો તેટલો જવાબ સાચો મળે, મીડીયા જે નેગેટીવ લે છે તેને અમે પોઝીટીવ લઈએ છીએ, ગુજરાત યુનિર્વસિટીના ત્રિદિવસીય ભારતકુલ કાર્યક્રમમાં ભાવ, રાવ અને તાલનો સમન્વય જોવા મળશે. ગુજરાત ટુરીઝમ, મીડીયા કલબ, યુનિર્વસિટીના ઉપક્રમે આ આયોજન કરાયુ હતુ, આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યુ હતુ કે મીડીયા-રાજકારણ જય-વીરૂની દોસ્તી જેવુ છે, વડનગરમાં સૌથી મોટો મ્યુઝીક સ્ટુડીયો તૈયાર થઈ રહ્યો છે. જેના થકી સંગીત પ્રેમીઓને મોટુ પ્લેટફોર્મ મળશે, આ પ્રસંગે બીએપીએસ સ્વામીનારાયણ સંસ્થાના બ્રહ્મવિહારી સ્વામીએ કહ્યુ હતુ કે જયાં સુધી સત્ય સુધી ના પહોચીએ ત્યાં સુધી સવાલ કરવા જરૂરી છે,

# જામનગર જિલ્લામાં ગરીબો માટેની સરસ્વતી સાધના સાયકલોનુ કાળા બજારઃ પૂર્વ સરપંચના નિવાસસ્થાનેથી રૂ.૨૫૦૦ માં બેફામ વેચાણ

પ્રતિનિધિ,ગાંધીનગર



જામનગર જિલ્લામાં સરકારની મહત્વકાંક્ષી સરસ્વતી સાધના યોજના અંતર્ગત વિદ્યાર્થીનીઓને આપવામાં આવતી સાયકલોના ખાનગી વેચાણનો ગંભીર મામલો બહાર આવ્યો છે. જે સાયકલો ગરીબ અને જરૂરીયાતમંદ વિદ્યાર્થીનીઓને શિક્ષણ માટે પ્રોત્સાહિત કરવા માટે વિના મુલ્યે આપવાની હતી તેનુ ખુલ્લેઆમ બારોબાર વેચાણ થઈ રહ્યુ હોવાના આક્ષેપો થયા છે.

મળતી માહિતી અનુસાર જામનગર જિલ્લાના જસાપર ગામના પૂર્વ સરપંચ વલ્લભ પનારાના ઘરેથી આ સરકારી યોજનાની સાયકલોનુ બેફામ વેચાણ કરવામાં આવી રહ્યુ હતું. આક્ષેપ છે કે જરૂરીયાતમંદ વિદ્યાર્થીનીઓ માટેની આ સાયકલો માત્ર રૂપીયા ૨૫૦૦ ના ભાવે ખાનગીમાં વહેચી દેવામાં આવી રહી હતી. આ સમગ્ર કૌભાંડ બહાર આવતા વિસ્તારમાં ભારે ચકચાર મચી જવા પામી છે. સરકારી યોજનાની વસ્તુઓનુ આ રીતે અંગત લાભ માટે વેચાણ કરવુ એ ગેરકાયદેસર પ્રવૃત્તિ છે અને તેના કારણે અનેક ગરીબ વિદ્યાર્થીનીઓ તેમના હકક થી વંચિત રહી જાય છે. આક્ષેપો અનુસાર પૂર્વ સરપંચ વલ્લભ પનારાના નિવાસસ્થાનેથી જ આ સાયકલોનુ વેચાણ થઈ રહ્યુ હતું. આ અંગેના પુરાવાઓ સાથે સ્થાનિક લોકોએ સમગ્ર મામલો ઉજાગર કર્યો છે અને જવાબદારો સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરી છે. સરકારની યોજનામાં ભંગાણ અને ગેરરીતી બહાર આવતા વહિવટી તંત્ર દ્વારા આ મામલે તાત્કાલીક તપાસ શરૂ કરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

# નર્મદા જિલ્લામાં ભાજપના બે દિગ્ગજ નેતાઓ આમને સામને : સાંસદના ભ્રષ્ટાચારના આક્ષેપો સામે ધારાસભ્યનો માનહાનીનો દાવો

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતના નર્મદા જિલ્લામાં ભારતીય જનતા પાર્ટીના બે મોટા દિગ્ગજ નેતાઓ સાંસદ મનસુખ વસાવા અને નાંદોદ ના ધારાસભ્ય ડો. દર્શનાબેન દેશમુખ આમને સામને આવી ગયા છે, સાંસદ મનસુખ વસાવાએ ધારાસભ્ય ડો.દર્શનાબેન પર ભ્રષ્ટાચારના આડકતરી રીતે આક્ષેપો કર્યા હતા. જેના જવાબમાં ડો.દર્શનાબેને પ્રેસ કોન્ફરન્સ યોજી ઉગ્ર રોષ વ્યકત કર્યો હતો અને વળતો જવાબ આપ્યો હતો.



તાજેતરમાં ૭ ડીસેમ્બર ના રોજ સાંસદ મનસુખ વસાવાએ એક નનામા પત્રના આધારે પ્રેસ કોન્ફરન્સ યોજી હતી, જેમાં તેમણે નાંદોદના ધારાસભ્ય ડો.દર્શનાબેન દેશમુખ પર આડકતરી રીતે ભ્રષ્ટાચારના આક્ષેપો કર્યા હતા. આ ગંભીર આક્ષેપોના જવાબમાં ડો. દર્શનાબેન દેશમુખે મીડીયા સામે આવીને સ્પષ્ટતા કરી અને સાંસદ વસાવાને ખુલ્લો પડકાર ફેંકતા જણાવ્યુ હતુ કે ભ્રષ્ટાચારની વાત છે તે સાબિત કરે, નહી તો હું માનહાનીનો દાવો મનસુખ વસાવા સામે કરીશ, કોર્ટમાં જવાનુ હશે તો મનસુખ વસાવા સામે હું કોર્ટમાં પણ જઈશ, ડો. દર્શનાબેને સાંસદ મનસુખ વસાવા પર વ્યકિતગત હુમલા અને વાણીવિલાસનો આક્ષેપ કરતા કહ્યુ હતુ કે મનસુખ વસાવા મને ધારાસભ્ય તરીકે સ્વીકારતા જ નથી, હું જયારથી ધારાસભ્ય બની છુ ત્યારથી જ મારા પર તે આક્ષેપ કરતા આવ્યા છે, તેમણે ઉમેર્યુ કે મનસુખ વસાવા મારા વિશે બેફામ વાણી વિલાસ હંમેશા કરતા આવ્યા છે, હું પણ ભાજપની જ દિકરી છુ, તો સીનીયર સાંસદ તરીકે આવો મારા વિશે વાણી વિલાસ ન કરવો જોઈએ, તેમણે એવુ પણ કહ્યુ કે મારી પાસે પણ આવા નનામા પત્રો આવે છે પણ અમે એને કચરામાં નાખી દઈએ છીએ, એના પર અમે કોઈ ટીપ્પણી કરતા નથી.

આ સમગ્ર વિવાદ બાબતે ડો.દર્શનાબેન દેશમુખે જણાવ્યુ હતુ કે તેમણે સાંસદ મનસુખ વસાવાના વલણ બાબતે પ્રદેશ સ્તરે પણ રજુઆત કરી છે. તેમણે વધુમાં કહ્યુ કે મનસુખ વસાવાને મારા માટે કોઈ પ્રશ્ન હોય તો યોગ્ય ફોરમમાં વાત કરવી જોઈએ, ડો. દર્શનાબેને પોતાનુ મૌન તોડવા પાછળનુ કારણ જણાવતા કહ્યુ હતુ કે કેટલાય સમયથી મૌન હતી, પણ આવા વાણી વિલાસને કારણે મારે આજે મૌન તોડવુ પડયુ છે. તેમણે ચેતવણી આપતા કહ્યુ કે હવે જો કાયમ મનસુખ વસાવા કંઈ બોલશે તો મારે જવાબ આપવો પડશે, તેમણે વધુમાં કહ્યુ કે વારંવાર મારા પરીવારને બદનામ કરવાનુ કામ કરે છે, અમે સંસ્કારી છીએ, મનસુખ વસાવા હવે જે કાંઈ બોલશે તેનો જવાબ આપીશુ, આ વિવાદને પગલે ડો.દર્શનાબેન દેશમુખ સાંસદ મનસુખ વસાવાની સામે ધરણા પર બેસવાના હતા પરંતુ પ્રદેશમાંથી સુચના મળતા તેમણે હાલ આ ધરણાં રદ કર્યા છે. ભાજપના આ બે દિગ્ગજ નેતાઓની આ લડાઈ હવે કયાં વળાંક લે છે તે હવે જોવુ રહ્યું.

# એલઆરડી પરીક્ષાનુ ફાઈનલ રીઝલ્ટ જાહેર : હવે ડીજીપી કચેરી નિમણુંક આપશે

પ્રતિનિધિ,ગાંધીનગર



ગુજરાતમાં પોલીસ ભરતીને લઈને મહત્વના સમાચાર પ્રાપ્ત થયા છે. રાજયમાં લોકરક્ષક કેડર (એલઆરડી) ની ભરતી પ્રક્રિયા નો અંત આવ્યો છે. પોલીસભરતી બોર્ડે એલઆરડીનુ ફાઈનલ રીઝલ્ટ જાહેર કર્યુ છે,

ગુજરાત પોલીસ ભરતી બોર્ડે જાહેરાત ક્રમાંક જીપીઆરબી / ૨૦૨૩૨૪ / ૧ લોકરક્ષક કેડરનુ આખરી પરીણામ આજે શુક્રવારે જાહેર કરવામાં આવ્યુ છે. જેમાં કુલ ૧૧૮૯૯ ઉમેદવારો પાસ થયા છે, રાજયમાં લોકરક્ષક કેડરની આશરે ૧૨ હજાર જેટલી જગ્યાઓ માટે ૧૫ જુન ૨૦૨૫ ના રોજ ૨.૩૭ લાખ થી વધુ ઉમેદવારોએ લેખિત પરીક્ષા આપી હતી. ૩૦ જુને ભરતીબોર્ડે લેખિત પરીક્ષાની ફાઈનલ આન્સર કી જાહેર કરી હતી. ૬ ઓગસ્ટ લોકરક્ષક કેડરની લેખિત પરીક્ષામાં હાજર રહેલા ઉમેદવારોના ગુણ જાહેર કરાયા હતા. ભરતી પ્રક્રિયામાં અંતે ૩૩૮ ઉમેદવારો પોતાની ઉમેદવારી જતી કર્યા બાદનુ બોર્ડે ફાઈનલ રીઝલ્ટ જાહેર કર્યુ છે. ભરતી સંબંધીત વધુ માહિતી બોર્ડની સત્તાવાર વેબસાઈટ lrdgujarat2021.in પરથી મેળવી શકાશે.

# પાલનપુરમાં મુખ્યમંત્રીના કાર્યક્રમ અગાઉ શિક્ષકને ચાલુ કલાસે નજરકેદ કરાયાઃ વિદ્યાર્થીઓનો ખુલ્લો વિરોધ

પ્રતિનિધિ,ગાંધીનગર

બનાસકાંઠા જિલ્લાના પાલનપુરમાં આજે શુક્રવારે મુખ્યમંત્રીના આગમન અગાઉ એક ચોંકાવનારી ઘટના બહાર આવી હતી. સમાજસેવી અને શિક્ષક તરીકે ફરજ બજાવતા રવી સોનીને પોલીસ દ્વારા તેમના કોચીંગ કલાસમાંથી ચાલુ લેકચરે જ નજરકેદ કરવામાં આવ્યા હતા. સુત્રોના જણાવ્યા અનુસાર સ્થાનિક સ્તરના પ્રશ્નો અને હાલાકી અંગે રવી સોની મુખ્યમંત્રીને રજુઆત ન કરે તે હેતુથી તેમની અટકાયત કરવામાં આવી હતી. પોલીસ ટીમ રવી સોનીને ચાલુ કલાસમાંથી સાથે લઈ ગઈ ત્યારે કોચીંગ કલાસમાં વિદ્યાર્થીઓમાં ભારે રોષનો માહોલ સર્જાયો હતો. વિદ્યાર્થીઓએ ખુલ્લેઆમ વિરોધ વ્યકત કરતા આક્ષેપ કર્યો હતો કે અમારો અભ્યાસ બગડી રહ્યો છે, સાહેબને શા માટે લઈ જવામાં આવી રહ્યા છે ? પોલીસની આ કાર્યવાહીથી વિદ્યાર્થીઓ અભ્યાસથી વંચિત રહ્યા હોવાની ફરીયાદ ઉઠી છે. આ ઘટનાની માહિતી મળતા જ રાજકીય નેતાઓએ સરકાર અને પોલીસની કાર્યવાહી પર સવાલો ઉઠાવ્યા હતા. જિલ્લા કોંગ્રેસ પ્રમુખ ગુલાબસિંહ રાજપુતે રવી સોનીનો વિડીયો પોતાના સોશીયલ મીડીયા પેજ પર વાયરલ કર્યો હતો. તેમણે સરકારને આડે હાથ લેતા કહ્યુ હતુ કે શું આવી રીતે ભણશે ગુજરાત ? પ્રદેશ કોંગ્રેસ પ્રમુખે પણ ચાલુ કલાસે શિક્ષકની અટકાયત કરવા બદલ પોલીસની કાર્યવાહી પર વાંધો વ્યકત કર્યો હતો.

રવી સોની એક જાગૃત નાગરીક તરીકે સ્થાનિક લોકોની સમસ્યાઓ અંગે તંત્ર સુધી અનેક વખત રજુઆતો કરતા રહ્યા છે. સુત્રોના કહેવા પ્રમાણે તેમને અગાઉ પણ જયારે મુખ્ય મહેમાનોના કાર્યક્રમો હોય ત્યારે રજુઆત કરવાથી રોકવા માટે નજરકેદ કરવામાં આવ્યા હતા.



### કેન્દ્રએ કંજુસી બતાવતા વરસાદ અને પુર રાહતની સહાયમાં પણ મુકયો કાપ

# મોસાળમાં મા પીરસતી હોય તો પાછુ વળીને જુએ નહી પરંતુ ગુજરાતમાં મોસાળમાં પીરસતી મા એ પાછુ વળીને જોયુ : ગુજરાતને અન્યાય




પ્રતિનિધિ,ગાંધીનગર

મોસાળમાં મા પીરસતી હોય તો પાછુ વળીને જુએ નહી કેન્દ્રમાં સત્તાધારી ભાજપની સરકાર હોવા છતાં ગુજરાતને હળાહળ અન્યાય કરવામાં આવ્યો છે. અહીંયા તો ગુજરાતમાં મોસાળમાં પીરસતી મા એ પાછુ વળીને જોયુ,

ચાલુ વરસે કમોસમી વરસાદથી ગુજરાતમાં ૪૨ લાખ હેકટર જમીનમાં ખેતીને નુકશાન પહોચ્યુ હતું અને લગભગ ૧૫ હજાર થી વધુ ગામો, અસરગ્રસ્ત થયા હતા. આ સંજોગોમાં સરકારે કૃષિ પેકેજ જાહેર કરવુ પડયુ હતુ, જો કે બીજી તરફ માવઠુ, વાવાઝોડુ અને અતિવૃષ્ટી જેવી કુદરતી આકસ્મિક ઘટનાઓમાં મદદરૂપ થવા માટે સ્ટેટ ડીઝાસ્ટર રીસ્પોન્સ ફંડ (એસડીઆરએફ) માં પણ સહાય આપવામાં કેન્દ્ર સરકારે કંજુસી દાખવી છે. વર્ષ ૨૦૨૪-૨૫ માં ગુજરાત માટે રૂપીયા ૧૬૩૫ કરોડ મંજુર કરાયા પણ રૂપીયા ૬૦૦ કરોડની સહાય આપવામાં આવી હતી. રાજયમાં પુર, વાવાઝોડુ, અતિવૃષ્ટી અને ભુકંપ જેવી કુદરતી આફતો વખતે લોકોને સલામત સ્થળે ખસેડવાથી માંડીને લોકો માટે રહેવા જમવાની વ્યવસ્થા કરવી, તુટી ગયેલા રોડ રસ્તાઓને સમારકામ કરવુ, બચાવ કામગીરી કરવી, જે તે સ્થળે બચાવ ટુકડીયો મોકલવાની કામગીરી કરવાની હોય છે. જે તમામનો ખર્ચ એસડીઆરએફ માં થી કરવામાં આવે છે. છેલ્લા કેટલાક વખતથી ગુજરાત જાણે કુદરતી આફતોથી ઘેરાયેલુ રહ્યુ છે. વાવાઝોડા અને અતિવૃષ્ટીના સતત આક્રમણને લીધે ખેડુતો જ નહી, માછીમારોને નુકશાન ભોગવવાનો વારો આવ્યો છે. એસડીઆરએફ ફંડમાંથી રાજય સરકાર ખર્ચ કરી રહી છે. ત્યારે કેન્દ્ર સરકાર દ્વારા મળતી સહાયમાં ઘટાડો થયો છે.

ખુદ કેન્દ્ર સરકારના રીપોર્ટ માં જ આ વાતનો ખુલાસો થયો છે કે વર્ષ ૨૦૨૦-૨૧ માં ગુજરાતના એસડીઆરએફ ફંડ માટે રૂપીયા ૧૪૧૨ કરોડ મંજુર કરાયા હતા. પણ રૂપીયા ૧૦૫૯ કરોડ ફાળવાયા હતા. વર્ષ ૨૦૨૨-૨૩ માં રૂપીયા ૧૪૮૨ કરોડ આપવા નકકી કરાયુ હતું પણ ગુજરાતને માત્ર રૂપીયા ૫૫૬ કરોડ જ અપાયા હતા. વર્ષ ૨૦૨૪-૨૫ માં રૂપીયા ૧૬૩૫ કરોડ મંજુર કરાયા. તે પૈકી માત્ર ૬૦૦ કરોડ જ ફાળવી કેન્દ્ર એ હાથ ખંખેરી લીધા હતા. પુર, વાવાઝોડુ અને ભુકંપની સહાય માટે કેન્દ્ર સરકારે રૂપીયા ૭૫૨૭ કરોડ ગુજરાતને ગ્રાન્ટ આપવા નકકી કર્યુ હતું પણ રૂપીયા ૪૪૧૪ કરોડ જ અપાયા હતા, આમ કુદરતી આફતોમાં સહાય માટે અપાતી ગ્રાન્ટમાંય કેન્દ્ર સરકારે કંજુસી દાખવી હતી. ગુજરાતને હળાહળ અન્યાય કરવામાં આવે છે તેવી બુમરોળ કરતા ભાજપના સત્તાધીશો હવે કેન્દ્રના વલણને લઈને હરફ ઉચ્ચારવા તૈયાર નથી.

# ગુજરાત સરકારનો મહત્વનો નિર્ણયઃ વીસીઈને હવે યુનિટ દીઠ ૨૦ રૂપીયા અપાશે

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત સરકારે ગ્રામ્ય વિસ્તારોમાં કમિશન આધારીત સેવાઓ આપતા વીસીઈ યુવાનોના હિતમાં એક મહત્વપૂર્ણ અને સંવેદનાસભર નિર્ણય લીધો છે. રાજય સરકારના વિવિધ વિભાગો દ્વારા વીસીઈ ને સોંપવામાં આવતી કામગીરી માટે હવેથી યુનિટ દીઠ ઓછામાં ઓછા ૨૦ રૂપીયાનુ મહેનતાણું ચુકવવામાં આવશે. રાજય સરકારે ઈ-ગ્રામ વિશ્વગ્રામ યોજના અમલમાં મુકી છે, જેનો મુખ્યહેતુ શહેરી વિસ્તારોની જેમજ ગ્રામ્ય કક્ષાએ પણ વિવિધ ઈ-સેવાઓ પુરી પાડવાનો છે. રાજય સરકારના વિવિધ વિભાગો દ્વારા વીસીઈ ને ડેટા એન્ટ્રી અને અન્ય યોજના સંબંધીત કામગીરી સોંપાય છે. અગાઉ આ દરેક કામગીરી માટેનુ કમિશન સંબંધીત વિભાગો દ્વારા નકકી થતુ હતું. જેના કારણે મહેનતાણાંની રકમમાં સમાનતા જળવાતી ન હતી અને ઘણીવાર યુવાનોને ઓછુ મહેનતાણું મળતુ હતુ, હવે પંચાયત વિભાગે એક પરીપત્ર જાહેર કર્યો છે. આ પરીપત્ર મુજબ હવેથી વીસીઈ ને રાજય સરકારની કોઈપણ કામગીરી માટે યુનિટ દીઠ ન્યુનત્તમ ૨૦ રૂપીયાનુ મહેનતાણું આપવુ ફરજીયાત રહેશે. વધુમાં પરીપત્રમાં એ પણ સ્પષ્ટતા કરવામાં આવી છે કે સંબંધિત વિભાગોએ ગ્રામ કોમ્પ્યુટર સાહસીકો (વીસીઈ) ને કોઈપણ નવી કામગીરી સોંપતા પહેલા પંચાયત વિભાગ અને ઈ-ગ્રામ વિશ્વ ગ્રામ સોસાયટીને અગાઉથી જાણ કરવી પડશે. આ નિર્ણયથી ગુજરાત વીસીઈ યુવાનોને તેમની મહેનતનુ યોગ્ય વળતર મળશે અને તેમની આર્થિક સ્થિતિમાં સુધારો થશે.

